RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૭ | સોમવાર, તા.૧૬-૧૧-૨૦૨૬ | અંક : ૨૬૭ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

ડિજિટલ ફ્રોડ રોકવા RBIએ જાહેર કરી નવી ગાઇડલાઈન

માર્ગદર્શિકા નોન-બેંકિંગ પેમેન્ટ સિસ્ટમ ચલાવતી કંપનીઓને લાગુ પડશે, છ કલાકની અંદર જાણ કરવી ફરજિયાત

મુંબઈ,

દેશમાં સતત વધી રહેલા ડિજિટલ ફ્રોડને રોકવા માટે આરબીઆઈ પણ એક્શન મોડમાં આવી છે. જેમાં ડિજિટલ પેમેન્ટ દ્વારા થતા ફ્રોડને રોકવા માટે નવી ગાઈડ લાઈન જાહેર કરી છે. આ ગાઈડ લાઈન હેઠળ નોન-બેંકિંગ પેમેન્ટ સિસ્ટમ્સનું સંચાલન કરતી કંપનીઓએ સાયબર હુમલો, સિસ્ટમમાં અચાનક ફોલ્ટ અથવા પેમેન્ટ સેટલમેન્ટમાં વિલંબ થાય તો તેની જાણ છ કલાકની અંદર કરવી ફરજિયાત છે. જેનો હેતુ પેમેન્ટને સુરક્ષિત બનાવવાનો તથા ડિજિટલ ફ્રોડને રોકવાનો છે.

આ અંગે આરબીઆઈએ આદેશ આપ્યો છે કે ચુકવણી કંપનીઓ કોઈપણ સાયબર ફ્રોડની જાણ ખબર પડ્યાની છ કલાકની અંદર CERT-Inને કરવી જોઈએ. નિષ્ણાતોના મતે ડિજિટલ ટ્રાન્ઝેક્શન ઝડપથી વધી રહ્યું છે ત્યારે પેમેન્ટ સિસ્ટમને નિશાન બનાવતા સાયબર એટેક પણ વધુ જટિલ બની રહ્યા છે. આવી સ્થિતિમાં આ નિયમ ખૂબ જ મહત્વપૂર્ણ છે.



આરબીઆઈની આ નવી માર્ગદર્શિકા નોન-બેંકિંગ પેમેન્ટ સિસ્ટમ ચલાવતી કંપનીઓને લાગુ પડશે. આ નિયમો સાયબર એટેક સામે રક્ષણ આપવા અને ડિજિટલ વ્યવહારોને સુરક્ષિત રાખવાના ભાગરૂપે ઘડવામાં આવ્યા છે. જેમાં નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા કાર્ડ પેમેન્ટ સિસ્ટમ ઓપરેટ કરતી કંપનીઓ, વિવિધ પેમેન્ટ સેવાઓને લિંક કરતી કંપનીઓ અને પ્રી-પેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સઇસ્યુ કરતી કંપનીઓનો સમાવેશ થાય છે.

અમેરિકામાં ફ્લાઈટ સંકટ યથાવત્, ત્રીજા દિવસે ૧૦ હજારથી વધુ ફ્લાઈટ્સ રદ, મોડી

વોશિંગટન,

અમેરિકામાં શુક્રવારે લગાવવામાં આવેલા દેશવ્યાપી ગ્રાઉન્ડ સ્ટોપની અસર રવિવારે પણ જોવા મળી હતી. રવિવારે દેશમાં ૧૦ હજારથી વધુ ફ્લાઈટ્સ કાં તો રદ કરવામાં આવી હતી અથવા મોડી પડી હતી. અમેરિકાના પરિવહન સચિવ શૉન ડફીએ જણાવ્યું કે આજે સોમવાર સુધીમાં હવાઈ સેવાઓ સામાન્ય થવાની આશા છે. શુક્રવારે દેશવ્યાપી ગ્રાઉન્ડ સ્ટોપને કારણે લગભગ તમામ ફ્લાઈટ્સ પાંચ કલાક સુધી બંધ રહી હતી. જોકે, એરલાઈન્સ પોતાનું ફ્લાઈટ શેડ્યૂલ સામાન્ય કરવાનો પ્રયાસ કરી રહી છે.એવિએશન ડેટા ટ્રેકર ફ્લાઈટઅવેરના જણાવ્યા અનુસાર, રવિવારે સમગ્ર અમેરિકામાં ૨,૩૦૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, જ્યારે ૭,૭૦૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી.

બંગાળની ખાડીમાં વાવાઝોડાનું સંકટ, ૪૮ કલાકમાં 'ગંભીર ચક્રવાત' બનવાની શક્યતા

નવીદિલ્હી,

દેશના હવામાનમાં એક મોટો અને ગંભીર ફેરફાર થવાની સંભાવના છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું 'ડીપ ડિપ્રેશન' અત્યંત ઝડપથી શક્તિશાળી બની રહ્યું છે અને તે ગણતરીના કલાકોમાં ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, ૧૬ નવેમ્બરની સાંજ સુધીમાં તે ચક્રવાતી તોફાનનું સ્વરૂપ ધારણ કરી શકે છે. ત્યારબાદ, ૧૭ નવેમ્બરની સાંજ સુધીમાં તે વધુ તીવ્ર બનીને 'ગંભીર ચક્રવાતી તોફાન' માં ફેરવાય તેવી પ્રબળ સંભાવના છે. આ હવામાન પ્રણાલીની સૌથી વધુ અને ગંભીર અસર દક્ષિણ ભારતના દરિયાકાંઠાના વિસ્તારો પર જોવા મળી શકે છે, જેને લઈને વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

દક્ષિણ અને તેની નજીકના દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં સર્જાયેલું આ 'ડીપ ડિપ્રેશન', છેલ્લા છ કલાક દરમિયાન આશરે ૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે. ૧૫ નવેમ્બરની રાત્રે ૧૧:૩૦ વાગ્યાની સ્થિતિએ, તે ૧૦.૬ ઉત્તર અક્ષાંશ અને ૮૬.૭ પૂર્વ રેખાંશની આસપાસ કેન્દ્રિત હતું. તે સમયે આ સિસ્ટમ ચેન્નાઈથી લગભગ ૭૬૦ કિલોમીટર પૂર્વ-દક્ષિણપૂર્વમાં અને વિશાખાપટ્ટનમથી ૮૭૦ કિલોમીટર દક્ષિણ-દક્ષિણપૂર્વમાં સ્થિત હતી.હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી બે દિવસ દરમિયાન તે ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધીને આંધ્રપ્રદેશના દરિયાકાંઠા તરફ પ્રયાણ કરશે અને વધુ શક્તિશાળી બનશે.

ક્રુડ ઓઈલના ભાવમાં વધુ ઘટાડો થાય તેવી શક્યતા બ્રેન્ટ ક્રુડની કિંમતને લઈ ભારતને મળશે મોટી રાહત

સપ્તાહ દમિયાન બેરલદીઠ ભાવ ૯૦ ડોલર આસપાસ જ રહે તેવી શક્યતા

નવીદિલ્હી,

વિશ્વ બજારોમાં ક્રુડ ઓઈલની કિંમતોમાં તાજેતરમાં જે ઘટાડો થયો છે તેને લીધે મોંઘવારીના મોરચે વિશ્વ અર્થતંત્રને મોટી રાહત મળી છે. ભારત જેવા વિકાસશીલ દેશને પણ એનર્જી ખર્ચને લઈ મોટી રાહત મળી છે. વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલની કિંમતો પ્રતી બેરલ ગગડીને ૯૦ ડોલર આસપાસ કામકાજ કરતું હતું. હવે નવા સપ્તાહમાં જોવાનું રહેશે કે ક્રુડ ઓઈલની કિંમતો કઈ દિશામાં આગળ વધશે.

જોકે ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધની સ્થિતિ બજાર માટે મહત્વના સંકેત આપશે. બીજીબાજુ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જે અવરોધ સર્જાયો છે તેને લીધે વિશ્વમાં ક્રુડ ઓઈલનો સપ્લાઈ અવરોધાયો છે તેને લઈ હવે નવા ઘટનાક્રમો ક્રુડ ઓઈલના સપ્લાઈ તથા કિંમતોને અસર કરી શકે છે.બજારના નિષ્ણાતોનું માનવું છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રુડ આ સપ્તાહ દમિયાન બેરલદીઠ ભાવ ૯૦ ડોલર આસપાસ જ રહે તેવી શક્યતા છે. તેને લીધે ભારત જેવા આયાતકાર દેશને મોટી રાહત મળી શકે છે. જોકે વિશ્વ એનર્જીના બજારમાં ભારે અસર જોવા મળી રહી છે. આ સપ્તાહમાં અમેરિકાની અગ્રણી APIના આંકડા જાહેર થશે. જે નવા સપ્તાહમાં ક્રુડની કિંમતોમાં કેવું વલણ રહેશે તે નક્કી કરશે.

વીતેલા સપ્તાહ દરમિયાન MCX એટલે કે કોમોડિટીઝ એક્સચેન્જ ખાતે ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો છે.



પોલીસ ઇન્સ્પેક્ટરની ખોટી ઓળખ આપી ડિજિટલ અરેસ્ટ અને ગંભીર ગુનામાં ફસાવવાની ધમકી આપી કરોડો રૂપિયાની ઠગાઈ આચરનાર ઝડપાયો

વડોદરા ક્રાઈમ બ્રાન્ચને ડિજિટલ અરેસ્ટ કૌભાંડ મામલે મળી મોટી સફળતા

વડોદરા,

સામાન્ય લોકો સામે પોતે પોલીસ ઇન્સ્પેક્ટરની ખોટી ઓળખ ધારણ કરીને નાગરિકોને ડિજિટલ અરેસ્ટ અને ગંભીર ગુનામાં ફસાવવાની ધમકી આપી કરોડો રૂપિયાની ઠગાઈ કરનાર વ્યક્તિને વડોદરા ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઝડપી પાડ્યો છે.

આરોપી દ્વારા વીડિયો કોલ દ્વારા પોતાને પોલીસ અધિકારી તરીકે રજૂ કરતો હતો અને સામેની વ્યક્તિને CBI, ડ્રગ્સ કેસ તથા મની લોન્ડરિંગ જેવા ગંભીર ગુનાઓમાં ફસાઈ જવાની ધમકી આપીને નાણાં પડાવતો હતો. અત્યાર સુધીની તપાસમાં વડોદરા અને કચ્છ જિલ્લાના ચાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુલ રૂ.૨.૪૦ કરોડની ઠગાઈ થઈ હોવાનું સામે આવ્યું છે.

સાયબર ગુનાખોરી ડામવા વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી આરોપી બ્રિજેશ રામચંદ્ર પટેલને વાસદ ટોલનાકા પાસેથી ઝડપી પાડ્યો હતો. આરોપી અકોટા અને પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં લાંબા સમયથી વોન્ટેડ હતો. પોલીસને ચોક્કસ બાતમી મળ્યા બાદ વોચ ગોઠવીને તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ઝડપાયેલા આરોપીનું નામ બ્રિજેશ રામચંદ્ર પટેલ છે. તે વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલી નીલકંઠ રેસિડેન્સીનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. તેની સામે વડોદરાના અકોટા અને પાણીગેટ ઉપરાંત કચ્છ જિલ્લાના આદિપુર અને ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ છેતરપિંડીના ગુનાઓ નોંધાયેલા છે. ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે આરોપીની હિલચાલ પર નજર રાખવામાં આવી હતી. વાસદ ટોલનાકા પાસેથી પસાર થતી વખતે તેને ઝડપી લેવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ આચરેલી છેતરપિંડીની પદ્ધતિ અને તેના નેટવર્ક અંગે અનેક વિગતો સામે આવી છે. આરોપીની ઠગાઈ કરવાની પદ્ધતિ ખૂબ જ આયોજનબદ્ધ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તે પહેલાં નાગરિકોને ફોન કરીને તેમના નામે શંકાસ્પદ પાર્સલ મુંબઈના એલ.ટી. માર્ગ પોલીસ સ્ટેશન દ્વારા પકડવામાં આવ્યું હોવાની વાત કરતો હતો. ત્યારબાદ વીડિયો કોલ કરવામાં આવતો હતો. વીડિયો કોલ દરમિયાન આરોપી પોતાને પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે ઓળખાવતો અને સામેની વ્યક્તિને ડ્રગ્સની હેરાફેરી, મની લોન્ડરિંગ અથવા ઝૈંની તપાસમાં સંડોવાયેલી હોવાનું કહીને ડરાવતો હતો. ગંભીર ગુનામાં ધરપકડ થઈ શકે છે અને કાયદાકીય કાર્યવાહી થશે તેવી ધમકીઓ આપીને નાગરિકો પર માનસિક દબાણ ઊભું કરતો હતો. આવા સંજોગોમાં ગભરાઈ ગયેલા લોકો પાસેથી વારંવાર ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરાવવામાં આવતા હતા. આ રીતે આરોપીએ અનેક લોકોને નિશાન બનાવી લાખો અને કરોડો રૂપિયાની ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે. આ મામલે પોલીસ તપાસમાં આરોપીની આર્થિક છેતરપિંડીની પદ્ધતિ પણ સામે આવી છે. ઓનલાઈન માધ્યમથી મેળવેલા નાણાંની હેરફેર કરવા માટે આરોપીએ પોતાના પરિચિતો અને વિવિધ કંપનીઓનાં નામે અલગ-અલગ બેંક ખાતાં ખોલાવ્યાં હતાં.

નવસારીના પૂણી ગામે દીપડો પાંજરે પુરતા ગ્રામજનોએ લીધો રાહતનો શ્વાસ



નવસારી,

જિલ્લાના પૂણી ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાના આંટાફેરાને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ગામ અને આસપાસના વિસ્તારમાં દીપડો દેખાતાં સ્થાનિક લોકોમાં ફફડાટ ફેલાયો હતો. આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતાં વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. આખરે શિકારની શોધમાં ફરતો આશરે સાડા પાંચ વર્ષનો કદાવર દીપડો પાંજરે પુરાતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. દીપડાની હાજરીને કારણે લોકોમાં ભય ફેલાયો હતો. મળતી માહિતી મુજબ, પૂણી ગામમાં છેલ્લા થોડા દિવસોથી દીપડો વારંવાર આંટાફેરા કરતો જોવા મળતો હતો. ખાસ કરીને ગામના રહેણાંક વિસ્તાર નજીક દીપડાની હાજરીને કારણે લોકોમાં ભય ફેલાયો હતો. ગ્રામજનો દ્વારા આ અંગે નવસારી વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગની ટીમે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દીપડાને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. આ અંતર્ગત ગામના નદી ફળિયામાં રહેતા નવીનચંદ્ર પટેલની વાડીમાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. વન વિભાગ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા બાદ શિકારની શોધમાં ફરતો આશરે સાડા પાંચ વર્ષનો કદાવર દીપડો પાંજરામાં આવી ગયો હતો.

આદિવાસી અનામત બેઠકો પર ખોટા પ્રમાણપત્રના આધારે ચૂંટણી લડનારાઓને ભાજપ મદદ નહીં કરે

ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે જનજાતીય ગૌરવ દિવસના કાર્યક્રમમાં મોટું નિવેદન આપ્યું

પંચમહાલ,

જિલ્લાના શહેરાના ધારાસભ્યશ્રી જેઠાભાઈ ભરવાડે આદિવાસી અનામત બેઠકો પર ખોટા પ્રમાણપત્રના આધારે ચૂંટણી લડતા ઉમેદવારો મામલે મોટું નિવેદન આપ્યું છે. ભગવાન બિરસા મુંડાની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત જનજાતીય ગૌરવ દિવસના કાર્યક્રમમાં તેમણે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ મુદ્દે સ્પષ્ટ વાત રજૂ કરી હતી. તેમના નિવેદનને પગલે રાજકીય વર્તુળોમાં પણ આ મુદ્દો ચર્ચાનો વિષય બની શકે છે.

આ કાર્યક્રમ દરમિયાન જેઠાભાઈ ભરવાડે જણાવ્યું હતું કે આદિવાસી સમાજ માટે અનામત રાખવામાં આવેલી બેઠકો પર જો કોઈ વ્યક્તિ ખોટા પ્રમાણપત્રના આધારે ચૂંટણી લડવા માટે ફોર્મ ભરે છે, તો ભારતીય જનતા પાર્ટી દ્વારા આવા ઉમેદવારોને કોઈપણ પ્રકારની મદદ કરવામાં આવશે નહીં. તેમણે સ્પષ્ટ કર્યું કે અનામત બેઠકોનો હેતુ આદિવાસી સમાજને રાજકીય પ્રતિનિધિત્વ આપવાનો છે અને તેનો લાભ ખોટા પ્રમાણપત્રના આધારે લેવો યોગ્ય નથી. જેઠાભાઈ ભરવાડે વધુમાં જણાવ્યું હતું કે આદિવાસી સમાજ આપણને મત આપતો હોય છે, ત્યારે તેમના માટે ફાળવવામાં આવેલી અનામત બેઠકો પર ખોટા પ્રમાણપત્રના આધારે ચૂંટણી લડવી વ્યાજબી નથી. તેમણે આદિવાસી સમાજના હકો અને અનામત વ્યવસ્થાની જોગવાઈઓનું મહત્વ સમજાવતા આવા કિસ્સાઓ સામે પક્ષની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.

છોટાઉદેપુર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂ. ૩.૫ કરોડના ખર્ચે નિર્મિત ૬ અત્યાધુનિક મીની ફાયર ટેન્ડરનું લોકાર્પણ

ભગવાન બિરસા મુંડા સર્કલથી એસ. એન. કોલેજના ગ્રાઉન્ડ સુધી મુખ્યમંત્રીનો ભવ્ય રોડ-શો

છોટાઉદેપુર,

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી માટે છોટા ઉદેપુર જિલ્લાની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો જાહેર સભાને સંબોધતા પહેલા નગરના ભગવાન બિરસા મુંડા સર્કલથી એસ. એન. કોલેજના ગ્રાઉન્ડ સુધી ભવ્ય રોડ શો યોજાયો હતો.



આ ગૌરવવંતા અવસરે મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે છોટાઉદેપુર જિલ્લાના નાગરિકોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપનને વધુ સુદ્રઢ બનાવતા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવેલ અંદાજે રૂ. ૩.૫ કરોડના જંગી ખર્ચે તૈયાર થયેલી કુલ ૬ અત્યાધુનિક મીની ફાયર ટેન્ડરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આયોજિત વિવિધ કલ્યાણકારી યોજનાઓ, વિકાસ કાર્યો અને પ્રકલ્પોની માહિતી આપતી પ્રદર્શનીને ખુલ્લી મૂકી હતી. આ પ્રદર્શની આગામી ૩ દિવસ સુધી નાગરિકો અને મુલાકાતીઓ માટે ખુલ્લી રહેશે, જેથી સ્થાનિક જનતા સરકાર દ્વારા આદિવાસી સમાજના ઉત્થાન માટે અમલમાં મુકાયેલી વિવિધ જનકલ્યાણ યોજનાઓથી વિશેષ માહિતગાર થઈ શકે અને તેનો મહત્તમ લાભ મેળવી શકશે.

મુખ્યમંત્રીશ્રીની રોડ-શો અને પ્રદર્શનીની મુલાકાત વેળાએ તેમની સાથે લોકસભાના સાંસદજશુભાઈ રાઠવા, રાજ્યસભાના સાંસદ ડો. મુકેશભાઈ રાઠવા, ધારાસભ્ય સર્વ રાજેન્દ્રસિંહ રાઠવા, જયંતિભાઈ રાઠવા, અભેસિંહ તડવી, પૂર્વ સાંસદનારણભાઈ રાઠવા, પૂર્વ સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવા, આદિજાતિ વિકાસ વિભાગના સચિવઆલોકકુમાર પાંડે અને નિયામકરચિત રાજ, જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન, જિલ્લા વિકાસ અધિકારીઓમકારસિંહ શિંદે સહિત સ્થાનિક પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છની દરિયાઈ સરહદે મરીન કમાન્ડોનું પેટ્રોલિંગ; માછીમારોને એલર્ટ રહેવા સૂચના

કચ્છ,

ભારતની દરિયાઈ સીમાઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા સુરક્ષા એજન્સીઓ હંમેશાં સતર્ક રહે છે ત્યારે કચ્છના દરિયાઈ સરહદી વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવાના ભાગરૂપે મરીન કમાન્ડો દ્વારા વિશેષ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. મરીન ટાસ્ક ફોર્સના જખૌ સેક્ટર દ્વારા દરિયાકાંઠાના વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ, બોટ ચેકિંગ અને સુરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ખાસ ડ્રાઇવ ઢ્રઅજી આર.એમ. ચૌધરીના નેતૃત્વમાં યોજાઈ હતી. જેમાં મોહાડી, નિમલી વાંઢ, અલ્ટ્રાટેક જેટી, કરમટા અને છમ્ જેટી સુધીના દરિયાઈ તટીય વિસ્તારોમાં સુરક્ષા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ચેકિંગ ડ્રાઇવ દરમિયાન અલગ-અલગ વિસ્તારોમાં વિવિધ ટીમો તૈનાત કરીને બોટ ચેકિંગ કરવામાં આવ્યું હતું. દરિયાઈ વિસ્તારમાં અવરજવર કરતી બોટો અને આસપાસના સંવેદનશીલ સ્થળોનું નિરીક્ષણ કરી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. માછીમારોને પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. દરિયામાં કે દરિયાકાંઠે કોઈ અજાણી અથવા શંકાસ્પદ વ્યક્તિ જોવા મળે અથવા શંકાસ્પદ બોટ નજરે પડે તો તેના પર ખાસ ધ્યાન રાખવા જણાવાયું હતું. મરીન ટાસ્ક ફોર્સના છઢ્ઢ્ય્ અમિત વિશ્વકર્મા, ઢ્રઁય્ એ.એમ. મુનિયા અને જીઁ એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ આ વિશેષ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાત રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં તકેદારીના ભાગરૂપે આવી વિશેષ સુરક્ષા ડ્રાઇવ યોજવામાં આવી રહી છે. દરિયાઈ સરહદની સુરક્ષા મજબૂત રાખવા અને કોઈપણ શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવા તંત્ર દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

શામળાજી નજીક આવેલા મેશ્વો ડેમમાંથી રવિ પાકની સિંચાઈ માટે પાણી છોડવામાં આવ્યું

અરવલ્લી,

સમગ્ર અરવલ્લી જિલ્લાના ખેડૂતો માટે એક રાહતના સમાચાર આવ્યા છે જેમાં શામળાજી નજીક આવેલા મેશ્વો ડેમમાંથી રવિ પાકની સિંચાઈ માટે પાણી છોડવામાં આવ્યું છે.

ડેમમાંથી ૧૨૦ ક્યુસેક પાણી છોડવામાં આવતાં આસપાસના ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ નિર્ણયથી શામળાજી, ધનસુરા અને મોડાસા તાલુકાના ખેડૂતોને મોટો ફાયદો થવાની આશા છે. રવિ સિઝનની ખેતી માટે પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મેશ્વો ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું છે.

સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થતાં ખેડૂતોને પોતાના પાકને સમયસર પાણી આપી શકાશે. ખાસ કરીને ખેતી માટે પાણીની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ નિર્ણય રાહતરૂપ બન્યો છે. મેશ્વો ડેમમાંથી છોડવામાં આવેલા ૧૨૦ ક્યુસેક પાણીનો લાભ ૨,૫૦૦ હેક્ટર કરતાં વધુ ખેતીની જમીનને મળશે. શામળાજી, ધનસુરા અને મોડાસા તાલુકાના ખેડૂતોને આ પાણીથી સિંચાઈની સુવિધા મળશે. જેના કારણે આ વિસ્તારોમાં ખેતી કરતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

મેશ્વો ડેમમાંથી છોડવામાં આવેલા પાણીથી વિવિધ પ્રકારના પાકને ફાયદો થવાની શક્યતા છે. ખાસ કરીને ચણા, બાજરી, કપાસ, ઘઉં અને દિવેલા જેવા પાકોને સિંચાઈ માટે પાણી મળી રહેશે. ખેતીના મહત્ત્વપૂર્ણ તબક્કે પાણી ઉપલબ્ધ થવાથી પાકના વિકાસમાં મદદ મળશે અને ખેડૂતોને ખેતીની કામગીરી સરળતાથી આગળ વધારવામાં સહાય મળશે.

ડેમમાંથી ૧૨૦ ક્યુસેક પાણી છોડવામાં આવતાં આસપાસના ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ નિર્ણયથી શામળાજી, ધનસુરા અને મોડાસા તાલુકાના ખેડૂતોને મોટો ફાયદો થવાની આશા છે. રવિ સિઝનની ખેતી માટે પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મેશ્વો ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું છે.

ખેડૂતો માટે સિંચાઈના પાણીની ઉપલબ્ધતા હંમેશાં મહત્ત્વનો મુદ્દો રહ્યો છે. વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો માટે ડેમ અને જળાશયોમાંથી મળતું પાણી પાકને બચાવવા અને ખેતીનું આયોજન કરવામાં ઉપયોગી સાબિત થાય છે.

મેશ્વો ડેમમાંથી પાણી છોડવાના નિર્ણયને પગલે સ્થાનિક ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

સાબરકાંઠાના કરણપુર ગામ નજીક અર્બુદા સંસ્કારધામનું ભવ્ય નિર્માણ

સાબરકાંઠા,

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર–શામળાજી નેશનલ હાઈવે-૪૮ પર કરણપુર ગામ નજીક અર્બુદા સંસ્કારધામનું ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું છે. અંદાજે ૪.૮ એકર જમીનમાં તૈયાર થયેલા આ સંકુલમાં આગામી ૨૪મી તારીખે માં અર્બુદાના ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવને લઈને સમગ્ર સમાજમાં ઉત્સાહ અને ભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે.

માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓના ભાગરૂપે પ્રથમ નોરતાના દિવસે અધરદેવીથી માં અર્બુદાની પવિત્ર જ્યોત લાવવામાં આવી હતી. ત્યારબાદ આ જ્યોત સમાજના ૨૩૧ ગામમાં ભ્રમણ કરાવવામાં આવી રહી છે. ૨૩મી તારીખે સાંજે પવિત્ર જ્યોત અર્બુદા સંસ્કારધામ ખાતે પહોંચશે અને ૨૪મીએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, પ્રશાસક પ્રફુલ પટેલ સહિત સમાજના આગેવાનો અને શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહેવાના છે.

અર્બુદા સંસ્કારધામમાં મંદિરની સાથે કોમ્યુનિટી હોલ અને પ્રસાદગૃહ સહિતની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. જોકે, આ સંકુલનો હેતુ માત્ર ધાર્મિક પ્રવૃત્તિઓ પૂરતો સીમિત નથી. ભવિષ્યમાં સમાજના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે તે માટે હોસ્ટેલ, કોચિંગ ક્લાસીસ અને આધુનિક લાઈબ્રેરી બનાવવાનું આયોજન છે.

પુરી-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી ૮.૫૫ લાખથી વધુની કિંમતનો બિનવારસી ગાંજો મળી આવ્યો

સુરત રેલવે પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મોટી સફળતા મળી

સુરત,

ગુજરાતમાં રેલવે માર્ગે નશીલા પદાર્થોની હેરાફેરી કરતા તત્વો સામે સુરત રેલવે પોલીસે વધુ એક મોટી સફળતા મેળવી છે. ટ્રેનના રિઝર્વેશન કોચ નંબર ૠમાં સીટ નંબર ૫૭ પાસે આ માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે ગાંજાનો જથ્થો કબજે કરીને અજાણ્યા યુવક વિરુદ્ધ ઢ્રહઁજી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



સુરત રેલવે પોલીસની ટીમ ટ્રેનોમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન પુરીથી અમદાવાદ તરફ જતી એક્સપ્રેસ ટ્રેનના રિઝર્વેશન કોચ નંબર ૠમાં તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન સીટ નંબર ૫૭ની નજીક શંકાસ્પદ હાલતમાં બિનવારસી જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તપાસ કરતાં તે વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે જથ્થાનું વજન કરતાં કુલ ૧૭.૧૧૫ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આ ગાંજાની અંદાજિત બજાર કિંમત ?૮.૫૫ લાખથી વધુ હોવાનું જણાવવામાં આવ્યું છે. ટ્રેનના રિઝર્વેશન કોચમાં આટલી મોટી માત્રામાં ગાંજો મળી આવતાં સુરત રેલવે પોલીસ દ્વારા તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવ્યો હોવાનું સામે આવ્યું છે.

ગુજરાતના દરેક શહેરમાં છઠ મહાપર્વની ઉજવણી બિહારના કોઈપણ જિલ્લા કરતાં ઓછી નથી : હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રી અમદાવાદ ખાતે છઠ મહાપર્વની ઉજવણીમાં સહભાગી થયા

અમદાવાદ,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અમદાવાદ ખાતે છઠ પૂજા આયોજન સમિતિ દ્વારા આયોજિત છઠ મહાપર્વની ઉજવણીમાં સહભાગી થયા હતા. આ પ્રસંગે તેમણે છઠ્ઠી મૈયાની પૂજા-અર્ચના અને આરતી કરી સૌને આ પવિત્ર પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાતના દરેક શહેર અને જિલ્લામાં છઠ મહાપર્વની ઉજવણી બિહારના કોઈપણ જિલ્લા કરતાં ઓછી નથી. ગુજરાતમાં વસતા બિહાર સહિત ઉત્તર ભારતના પરિવારો એકસાથે મળીને ખૂબ જ શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક છઠ્ઠી મૈયાની આરાધના કરે છે.



તેમણે ઉમેર્યું હતું કે છઠ મહાપર્વ દરમિયાન શ્રદ્ધાળુઓને પૂજા-અર્ચનામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા દિવાળીની જેમ જ સુચારુ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. શ્રદ્ધાળુઓની આસ્થા અને પરંપરાને અનુરૂપ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે વહીવટી તંત્ર ખંતપૂર્વક કામગીરી કરે છે. આ બદલ તેમણે સમગ્ર વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે છઠ મહાપર્વ હવે માત્ર બિહાર અને ઉત્તર ભારતના પરિવારો પૂરતું સીમિત રહ્યું નથી. ગુજરાતના સ્થાનિક નાગરિકો, પડોશીઓ અને મિત્રવર્તુળના લોકો પણ આ પર્વની તૈયારીઓ અને ત્રણ દિવસ સુધી ચાલતી ધાર્મિક પરંપરાઓમાં એટલા જ ઉત્સાહથી જોડાઈ રહ્યા છે. આ ગુજરાતની સામાજિક સમરસતા અને સાંસ્કૃતિક એકતાનું સુંદર ઉદાહરણ છે.

અમદાવાદના સરખેજમાં MD ડ્રગ્સની ફેક્ટરી ઝડપાઈ, રહેણાક મકાનના બેઝમેન્ટમાં ચાલતો હતો કાળો કારોબાર

અમદાવાદમાં નશાના કારોબાર સામે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની કાર્યવાહી

અમદાવાદ,

શહેરના ના સરખેજ વિસ્તારમાં નશાના કારોબાર સામે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)એ મોટી કાર્યવાહી કરી છે. રહેણાક મકાનના બેઝમેન્ટમાં ચાલતી સ્ફ ડ્રગ્સ બનાવવાની કથિત ફેક્ટરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. દરોડા દરમિયાન ડ્રગ્સ બનાવવા માટે વપરાતા કેમિકલ, કાચો માલ અને સાધનો મળી આવ્યાં છે. જપ્ત કરાયેલી સામગ્રીની કિંમત કરોડો રૂપિયામાં હોવાની આશંકા છે. આ મામલે મકાનના માલિકને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે. NCBની ટીમે ૧૫ નવેમ્બરની વહેલી સવારે સરખેજના મોહમ્મદી પાર્ક નજીક આવેલા લેબેન પાર્કમાં દરોડો પાડ્યો હતો. ચોક્કસ બાતમીના આધારે કરવામાં આવેલી તપાસ દરમિયાન એક રહેણાક મકાનના બેઝમેન્ટમાં MD ડ્રગ્સ એટલે કે મેફેડ્રોન બનાવવાનું કથિત સેટઅપ મળી આવ્યું હતું. અહીંથી ડ્રગ્સના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતા કેમિકલ, કાચો માલ અને વિવિધ સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. પ્રાથમિક તપાસમાં જપ્ત કરાયેલી સામગ્રીની કિંમત કરોડો રૂપિયાની હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. NCBની કાર્યવાહી દરમિયાન સ્થાનિક પોલીસની ટીમ પણ જુહાપુરા વિસ્તારમાં પહોંચી હતી. લબ્બેક પાર્ક તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલા L-2/૧૩ નંબરના મકાનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. સમગ્ર ઓપરેશનમાં ડ્રગ્સના કાચા માલનો સ્રોત, ફેક્ટરી પાછળ સંકળાયેલા અન્ય લોકો અને તૈયાર ડ્રગ્સના નેટવર્ક અંગે તપાસ ચાલી રહી છે.

આ કાર્યવાહી દરમિયાન NCBએ મકાનના માલિકને પૂછપરછ માટે અટકાયતમાં લીધા છે. તપાસ એજન્સી હવે એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ કથિત ફેક્ટરી કેટલા સમયથી કાર્યરત હતી અને તેમાં ઉપયોગમાં લેવાતા કેમિકલ તથા કાચો માલ ક્યાંથી લાવવામાં આવતો હતો. આ ઉપરાંત અહીં તૈયાર થતું સ્ફ ડ્રગ્સ કોને અને કયા વિસ્તારોમાં સપ્લાય કરવામાં આવતું હતું તેની પણ તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ આ મામલે તપાસ દરમિયાન મકાનના માલિક સાથે જોડાયેલી બોપલની એક કોફી શોપ સુધી પણ NCBની ટીમ પહોંચી હતી. એજન્સીએ ત્યાં અલગથી તપાસ હાથ ધરી હતી. કોફી શોપનો કથિત ડ્રગ્સ નેટવર્ક સાથે કોઈ સંબંધ છે કે કેમ અને ત્યાંથી કોઈ સપ્લાય ચેઈનનું સંચાલન થતું હતું કે કેમ તે દિશામાં તપાસ ચાલી રહી છે. ડ્રગ્સના વેચાણ સાથે સંકળાયેલા અન્ય લોકો અને બીજા શહેરો સુધી ફેલાયેલા સંભવિત નેટવર્ક અંગે પણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

જામનગરમાં પોલીસની ડ્રાઈવમાં એક જ દિવસમાં ૨૩૬ કેસ, ૨૭ વાહનો ડિટેઈન



જામનગર : જામનગરમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકો સામે પોલીસ દ્વારા સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરી એક જ દિવસમાં ૨૨૬ કેસ નોંધવામાં આવ્યા હતા. જેમાં સ્થળ પર જ રૂ. ૯૯,૫૦૦નો દંડ વસૂલવાની સાથે ૨૭ વાહનો ડિટેઈન કરવામાં આવતાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે. જામનગરમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાને પગલે ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં નશાની હાલતમાં વાહન ચલાવનારાઓ, બેફામ ઝડપે વાહન હંકારનારાઓ, જાહેર માર્ગમાં અડચણરૂપ વાહનો, કારમાં બ્લેક ફિલ્મ લગાવનારાઓ તેમજ નંબર પ્લેટ વગરનાં અને ફેન્સી નંબર પ્લેટ ધરાવતાં વાહનચાલકોને નિશાન બનાવી ચેકિંગ હાથ ધરાયું હતું.પોલીસની એક દિવસની કામગીરી દરમિયાન જી.પી. એક્ટની કલમ ૧૩૫(૧) હેઠળ ૧૬, ડ્રિંક એન્ડ ડ્રાઈવના ૭, બી.એન.એસ.ની કલમ ૨૮૧ હેઠળ બેફિકરાઈથી વાહન ચલાવવાના ૧૨ અને કલમ ૨૮૫ હેઠળ જાહેર માર્ગમાં અડચણરૂપ વાહનો રાખવાના ૨૮ કેસ નોંધવામાં આવ્યા હતા. આ ઉપરાંત કારમાં બ્લેક ફિલ્મ લગાવવાના ૭૨, નંબર પ્લેટ વગરનાં વાહનોના ૫૧ અને ફેન્સી નંબર પ્લેટના ૪૦ કેસ કરવામાં આવ્યા હતા. જ્યારે મોટર વ્હીકલ એક્ટની કલમ ૨૦૭ હેઠળ ૨૭ વાહનો ડિટેઈન કરવામાં આવ્યાં હતાં. આમ, વિવિધ પ્રકારના ટ્રાફિક નિયમોના ભંગ બદલ કુલ ૨૨૬ કેસ નોંધી રૂ. ૯૯,૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

આરબલુશ ગામે ડીગ્રી વગરનો તબીબ ઝડપાયો

સ્ટેથોસ્કોપ, વિવિધ દવાઓ અને ઈન્જેક્શન સહિત રૂ. ૭,૩૧૭નો મુદ્દામાલ કબજે



જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના આરબલુશ ગામે એલ.સી.-૮ ગેટ સામે આવેલી કોલોનીમાં એસઓજી પોલીસે દરોડો પાડી ડીગ્રી વગર દવાખાનું ચલાવતો પશ્ચિમ બંગાળના એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો.

એસ.ઓ.જી.ની ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી, તે દરમિયાન એસ.ઓ.જી.ના વિજયભાઈ કારેણા, જયેશભાઈ પઢેરીયા અને ધર્મેન્દ્રભાઈ વૈષ્ણવને બાતમી મળી હતી કે લાલપુર તાલુકાના આરબલુશ ગામમાં એલ.સી.-૮ ગેટ સામે આવેલી કોલોનીમાં એક શખ્સ કોઈપણ પ્રકારની અધિકૃત તબીબી ડિગ્રી કે લાયકાત ધરાવતો ન હોવા છતાં દવાખાનું ચલાવી રહ્યો છે. અને દર્દીઓની તપાસ કરી જુદી-જુદી દવાઓ તથા ઈન્જેક્શન આપીને નાણાં વસૂલતો હોવાની માહિતીના આધારે દરોડો પાડ્યો હતો.

જ્યાં તપાસ દરમિયાન દવાખાનું ચલાવતા શખ્સની ઓળખ પારીતોષ મનોજંય બિશ્વાસ તરીકે થઈ હતી. મૂળ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના ક્રિષ્નાનગર તાલુકાના ડિગ્રી ગામનો રહેવાસી અને હાલ આરબલુશ ગામે એલ.સી.-૮ ગેટ સામે આવેલી કોલોનીમાં રહેતો હોવાનું જનવ્યય હતું.

પોલીસે સ્થળ પરથી જુદી-જુદી કંપનીની દવાઓ, સ્ટેથોસ્કોપ તથા અન્ય તબીબી સાધનો મળી કુલ રૂ. ૭,૩૧૭નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. અને આરોપી પારીતોષ મનોજંય બિશ્વાસ વિરુદ્ધ લાલપુર પોલીસ સ્ટેશનમાં મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ-૧૯૬૩ની કલમ ૩૦ તથા ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.)ની કલમ ૧૨૫ મુજબ ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરારીબાપુની ભારત સ્વસ્તિક યાત્રાના બીજા ચરણનો દ્વારકાથી પ્રારંભ



દ્વારકા : પૂજ્ય મોરારીબાપુના નેતૃત્વમાં નીકળેલી ભારત સ્વસ્તિક યાત્રાના બીજા ચરણનો ગઈકાલથી દ્વારકાથી પ્રારંભ થયો હતો. દ્વારકાથી જગન્નાથપુરી સુધીની આ યાત્રાને દ્વારકા રેલવે સ્ટેશન ખાતેથી વિધિવત્ ધ્વજ પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે રામચરિતમાનસના કથાકાર પૂજ્ય મોરારીબાપુ, દ્વારકાના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજ સહિત સંતો, મહાનુભાવો, આયોજક સમિતિના સભ્યો અને મીડિયાકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જામજોધપુરના બાલવા ગામે ખેડૂત અચાનક બેભાન થઈ જતા મોત

જામનગર : જામજોધપુરના બાલવા ગામમાં રહેતા ૪૭ વર્ષના ખેડૂતની અચાનક તબિયત બગડતાં બેભાન અવસ્થામાં મૃત્યુ થયું હતું. છેલ્લા એક વર્ષથી કમરના દુખાવા સહિત કિડની અને લીવરની બીમારીથી પીડાતા ખેડૂતને વહેલી સવારે અચાનક ઊલટીઓ શરૂ થતાં તેઓ ઢળી પડ્યા હતા.

જામજોધપુર તાલુકાના બાલવા ગામના દેવાભાઈ કારાભાઈ મુછાર (ઉ.વ.૪૭) ગત તા.૨ નવેમ્બરના રોજ સવારે છ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે અચાનક ઊલટી થવા લાગતાં બેભાન થઈ ગયા હતા. આ મામલે જાણ થતા તરત જ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા જ્યાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે તેમના પુત્ર મહેશભાઈ (ઉ.વ.૨૨)એ તા.૧૪ નવેમ્બરના રોજ જામજોધપુર પોલીસને જાણ કરી હતી. એથી પોલીસે મોતની નોંધ કરી કાર્યવાહી આગળ ધપાવી છે. બીજી બાજુ યુવાનના મોતને લઈ પરિવારમા અરેરાટી વ્યાપી ગઈ છે.

બેડમાં મકાનમાંથી મહિલાનો કોહવાઈ ગયેલો મૃતદેહ મળી આવતાં ચકચાર

લાલપુરમાં મહિલાનો ગળેફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગરના બેડ અને લાલપુરના ધરાનગર વિસ્તારમાં અકાળે મોત, આપઘાતના બે કિસ્સા નોંધાયા છે. બેડમાં મહિલાનો તેના જ ઘરમાંથી કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળતા પોલીસે રહસ્યમય ઘટનાની નોંધ કરી મોતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે. જ્યારે લાલપુરમાં અકળ કારણોસર મહિલાએ ગળેફાંસો ખાઈ લીધાનું સામે આવ્યું છે.

જામનગર જિલ્લાના બેડ ગામે રહેતા નયનાબેન દીનેશભાઈ પરમાર (ઉ.વ.૩૫) નો પોતાના બંધ મકાનમાંથી કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી હતી. આ મામલે સિક્કા પોલીસને જાણ કરાતા બાદ પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. હાલ અગમ્ય કારણોસર મોત થયાનું નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કારણ જાણવાની દિશામાં તપાસ હાથ ધરી છે.

જ્યારે લાલપુરના ધરાનગર વિસ્તારમાં રહેતા નીલોફરબેન અસરફભાઈ સફીયા નામની ૨૭ વર્ષીય પરિણીતાએ પોતાના ઘરે તા.૬ ના રોજ પોતાની જાતે ગળેફાસો ખાઈ લેતા સારવાર અર્થે ખસેડાઈ હતી. જો કે આ દરમિયાન તેનું મોત થયુ હતું. આપઘાતનું કારણ અકબંધ રહેતા લાલપુર પોલીસે મોતની નોંધ કરી કારણ જાણવાની દિશામાં તપાસ લાંબાવી છે.

અરવિંદ સોસાયટી ખાતે માતાજીનો મહાનિર્વાણ દિન

જામનગર : તા. ૧૭.૧૧.૨૦૨૬ને મંગળવારના રોજ શ્રી માતાજીનો મહાનિર્વાણ-દિન તેમજ તા. ૨૦.૧૧.૨૦૨૬ શુક્રવારના રોજ શ્રી માતાજીનો મહાસમાધિ-દિન હોઈ આ બંને દિવસોએ શ્રી અરવિન્દ સોસાયટી જામનગર શાખા, શરુ સેક્સન રોડ, જી.એમ.બી. બિલ્ડીંગ પાસે, સાવિત્રી ભુવનમાં સવારે ૧૦ થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન તેમજ સાંજે ૭ થી ૮ ભક્તિગીતો, ધ્યાન, તેમજ પ્રસંગને અનુરૂપ વાંચનનું આયોજન કરવામાં આવેલ છે.

જામજોધપુરમાં દારૂના કેસમાં ચાર મહિનાથી ફરાર આરોપી ઝડપાયો



જામનગર : જામજોધપુર પોલીસ મથકમાં દારૂ કેસમાં સંડોવણી બાદ આરોપી છેલ્લા ચાર મહિનાથી પોલીસ સાથે સંતાકુકડી રમતો હતો. જેને દબોચી લેવામાં પોલીસને સફળતા મળી છે. કોટડા બાવીશી ગામના પાટિયા પાસેથી બાતમીના આધારે સર્વેલન્સ સ્ટાફે આરોપીને ઝડપી પાડ્યો હતો.

જામજોધપુર પોલીસ મથકના પી.આઈ. એમ. એન. શેખની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન ગાગીયાને બાતમી મળી હતી કે, જામજોધપુર પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં બી.એન.એસ.એસ.ની કલમ ૭૨ મુજબના વોરંટના કામે છેલ્લા ચાર મહિનાથી નાસતા ફરતા આરોપી રૂપેશ અમરાભાઈ છેલાણા (ઉ.વ. ૨૩, ધંધો મજૂરી, રહે. મેલાણ ગામ, તા. જામજોધપુર) કોટડા બાવીશી ગામના પાટિયા પાસે ઉભો છે. આ બાતમીના આધારે પોલીસ સ્ટાફે તાત્કાલિક સ્થળ પર પહોંચી આરોપી રૂપેશ છેલાણાને ઝડપી લીધો હતો.

જામનગર નજીક ટ્રેનની અડફેટે આવી જતા યુવાનનું મોત નીપજ્યું

જામનગર : જામનગરના શંકરટેકરી વિસ્તારમાં રહેતા એક યુવાનનું ટ્રેનની અડફેટે આવી જતાં ગંભીર ઈજાઓના કારણે મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે સીટી-સી ડિવિઝન પોલીસ મથકમાં અપમૃત્યુની નોંધ કરવામાં આવી છે.

બનાવની વિગત મુજબ શહેરના શંકરટેકરી વિસ્તારમાં રહેતા રાજુભાઈ સાદુરભાઈ વાઘેલા નામનો ૩૦ વર્ષીય યુવાન જામનગર નજીક ટ્રેનની અડફેટે આવી જતાં શરીરે ગંભીર ઈજાઓ થવાથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ સંજયભાઈ સાદુરભાઈ વાઘેલાએ સીટી-સી ડિવિઝન પોલીસને જાણ કરતાં પોલીસે મૃતદેહનો કબ્જો સાંભળી આગળની તપાસ હાથ ધરી છે.

ધ્રોલના ભેસદડ ગામે ખેતરમાં માલઢોર ચરાવવા બાબતે ખેડૂત પર શખ્સનો હુમલો

જામનગર : ધ્રોલ તાલુકાના ભેસદડ ગામે ખેતરમાં વાવેલા કપાસની પાકમાં માલઢોર ચરાવવા બાબતે થયેલી માથાકૂટમાં એક ભરવાડ શખ્સે ખેડૂત પર લાકડી વડે હુમલો કરતાં ખેડૂતને ગંભીર ઈજા થઈ હતી. આ બનાવ અંગે ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવની વિગત મુજબ ધ્રોલ તાલુકાના ભેસદડ ગામે રહેતા અને ખેતીકામ કરતા જીગ્નેશભાઈ ભાણજીભાઈ જાદવ (ઉ.વ. ૩૨) પોતાના કાકા રતિલાલભાઈની વડીયા સીમ તરીકે ઓળખાતી વાડીમાં ગયા હતા. જ્યાં તેમણે કપાસનું વાવેતર કર્યું હતું. દરમિયાન ગામના રાધવાભાઈ દેવાભાઈ ભરવાડ, કારાભાઈ પુનાભાઈ ભરવાડ અને વિજયભાઈ રૂખાભાઈ ભરવાડ પોતાના માલઢોર કપાસના ખેતરમાં ચરાવતા હોવાનું જોવા મળ્યું હતું.

જેથી ખેડૂતે જીજ્ઞેશભાઈએ માલઢોર ખેતરની બહાર લઈ જવાનું કહેતાં કારાભાઈ અને વિજયભાઈએ પોતાના માલઢોર બહાર લઈ લીધા હતા, પરંતુ રાધવાભાઈએ માલઢોર બહાર ન કાઢતાં જીગ્નેશભાઈએ ફરીથી કહેતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો ભાંડી હાથમાં રહેલી લાકડી વડે ખેડૂતના માથામાં એક ફટકો ઝીક્યો હતો. ઉપરાંત પીઠના ભાગે બે ફટકા મારતાં લોહીલુહાણ હાલતમાં ખેડૂતને મિત્ર ચંદુભાઈ મોટરસાઈકલ પર ધ્રોળ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. આ બનાવ અંગે જીગ્નેશભાઈ જાદવે રાધવાભાઈ દેવાભાઈ ભરવાડ વિરુદ્ધ ધ્રોલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરમાં ક્રિકેટ મેચ પર રનફેરનો જુગાર રમતા બે શખ્સ ઝડપાયા

જામનગર : જામનગરના લિંડી બજાર વિસ્તારમાં ક્રિકેટ મેચ પર રનફેરના સોદા કરી સટ્ટો રમતા બે શખ્સોને સીટી એ. ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા બંને પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૨૦,૭૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

બનાવની વિગત મુજબ શહેરના લિંડી બજારમાં સંધાડિયા શેરીમાં ઈમાની પીર પાસે આવેલી મસ્ત ડ્રેસીસ નામની દુકાન સામે જાહેરમાં ઓટલા પર બે શખ્સો પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ ગુરુ તથા ક્રેક્સ નામની એપ્લિકેશન મારફતે રનફેર તથા સેશનના સોદા કરી પૈસાની હારજીતનો જુગાર રમતા હતા. દરમિયાન સીટી એ ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે દરોડો પાડી લિંડી બજાર ડગિયા શેરીમાં રહેતા ઈરફાન ઉર્ફે અજમેરી હારુનભાઈ ગોદર (ઉ.વ. ૪૭) અને કાલાવડ નાકા બહાર સતવારાવાડ વિસ્તારમાં રહેતા સાજીદ ઉર્ફે કારો અલીભાઈ ફુલવારા (ઉ.વ. ૩૬)ને ઝડપી લીધા હતા. બંને પાસેથી રોકડા રૂ. ૧૦,૭૫૦ તથા રૂ. ૧૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૨૦,૭૫૦નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સહાયતા સેતુ મોકડ્રીલ પૂર્વે જામનગરના આકાશમાં ચિનૂક હેલિકોપ્ટરનું રિહર્સલ

હેલિકોપ્ટર નીચે લાલ રંગના 'પ્લસ'ના નિશાનવાળું મેડિકલ બોક્સ લટકાવીને ઉડતું જોવા મળ્યું



જામનગર : જામનગરના આકાશમાં ગઈકાલે એક અનોખું દૃશ્ય જોવા મળ્યું હતું. સામાન્ય રીતે આકાશમાં ઉડતાં વિમાનો અને હેલિકોપ્ટર જોવા મળતાં હોય છે, પરંતુ ઝઉઁ-૪૭ ચિનૂક હેલિકોપ્ટર નીચે લાલ રંગના પ્લસ (+)ના નિશાનવાળું મેડિકલ બોક્સ લટકાવીને ઉડતું જોવા મળતાં લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું.

આ દૃશ્ય કુદરતી આફત કે કટોકટીની પરિસ્થિતિમાં રાહત અને બચાવ કામગીરી કેવી રીતે હાથ ધરી શકાય તેનું પ્રાયોગિક નિદર્શન હોવાનું માનવામાં આવે છે. પૂર, ભૂકંપ કે અન્ય આપત્તિના સમયે રસ્તાઓ સંપર્કવિહોણા બની જાય અથવા અસરગ્રસ્ત વિસ્તારો સુધી વાહનો પહોંચી ન શકે તેવી સ્થિતિમાં હેલિકોપ્ટર મારફતે દવાઓ, તબીબી સાધનો અને આવશ્યક રાહતસામગ્રી પહોંચાડવાની કામગીરી અત્યંત મહત્ત્વની બની રહે છે.

જામનગરમાં આવતીકાલ તા. ૧૭ થી ૧૯ દરમિયાન યોજાનારી 'સહાયતા સેતુ' મેગા મોકડ્રિલના સંદર્ભમાં આકાશમાં જોવા મળેલું આ દૃશ્ય વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ મોકડ્રિલમાં કુદરતી આફત કે અન્ય કટોકટીની સ્થિતિમાં વિવિધ બચાવ અને રાહત એજન્સીઓ વચ્ચે સંકલન, તાત્કાલિક પ્રતિસાદ તથા અસરગ્રસ્ત વિસ્તારો સુધી જરૂરી સહાય પહોંચાડવાની વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવનાર છે. ચિનૂક હેલિકોપ્ટર દ્વારા મેડિકલ બોક્સ લઈ જતું જોવા મળેલું આ દૃશ્ય જામનગરવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

ધ્રોલમાં માર્કેટિંગ યાર્ડ સામે ટ્રકની ટક્કરથી સેલેરિયો કારને નુકસાન

જામનગર : જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ધ્રોળ માર્કેટિંગ યાર્ડ સામે ટ્રકચાલકે બેફિકરાઈ અને ગફલતભરી રીતે ટ્રક ચલાવી સેલેરિયો કારને પાછળથી ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારને ભારે નુકસાન થયું હતું, જોકે સદનસીબે કારમાં સવાર ચારેય વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો.

બનાવની વિગત મુજબ, જામનગરના રામેશ્વરનગરમાં રહેતા અને મિસ્ત્રીકામ કરતા મનસુખભાઈ નરશીભાઈ ગોહિલ (ઉ.વ. ૫૧) પોતાની માતા મોંઘીબેન, પત્ની કંચનબેન અને પુત્રી ધારાબેન સાથે ભાઈની મારુતિ સુઝુકી સેલેરિયો કાર (જીજે-૧૦-સીજી-૭૪૫૩) લઈને રાજકોટ જિલ્લાના ત્રંબા ગામે પુત્રીને હોસ્ટેલમાં મૂકવા માટે નીકળ્યા હતા. દરમિયાન હાપા મેલડી માતાજીના મંદિરે દર્શન કર્યા બાદ તેઓ ધ્રોળ માર્કેટિંગ યાર્ડ સામે પહોંચ્યા ત્યારે પાછળથી જામનગર તરફથી પૂરઝડપે આવી રહેલા અશોક લેલન ટ્રક (જીજે-૦૬-એટી-૭૭૩૮)ના ચાલકે કારને જોરદાર ટક્કર મારી હતી. ટ્રકની ટક્કરથી કારની ડ્રાઈવર સાઈડનો પાછળનો બમ્પર અને આખો ભાગ ઘસાઈ ગયો હતો. ટ્રકનું ડાબી બાજુનું સેફ્ટી એંગલ કારની અંદર ઘૂસી જતાં કારના આગળના ભાગને પણ નુકસાન થયું હતું. જોકે, કારમાં સવાર મનસુખભાઈ સહિત ચારેય વ્યક્તિને કોઈ ઈજા થઈ નહોતી.

આ અંગે મનસુખભાઈ ગોહિલની ફરિયાદના આધારે ધ્રોળ પોલીસ મથકમાં ટ્રકચાલક સામે બી.એન.એસ. કલમ ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭ અને ૧૮૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ઓખામાં દંગા પાસેથી દારૂના ૧૫ચપલા સાથે શખ્સની અટકાયત, એક ફરાર

દ્વારકા : ઓખા સ્થિત દંગા પાસેથી પસાર થતાં એક શખ્સને પોલીસે દરોડા દરમિયાન ઈંગ્લિશ દારૂના ૧૫ નંગ ચપલા સાથે પકડી પાડ્યો હતો તેમજ અન્ય શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ આદરી બન્ને વિરુધ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ઓખામાં આર. કે. બંદર સ્થિત રોનક નામના દંગામાં રહેતો યોગેશભાઈ બાબુભાઈ કામળિયા નામનો શખ્સ પોતાના રહેણાંક વિસ્તાર નજીક જાહેર માર્ગ પરથી પસાર થતો હોય આ વેળાએ ચોક્કસ બાતમીના આધારે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે અટકાવી તલાસી લેતા તેના પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂના રૂ. ૨૭૦૦ ની કિંમતના ૧૫ નંગ ચપલા મળી આવતા અટકાયત કરી સ્થળપરથી મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૭૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે સંજયભાઈ વાઝા નામના શખ્સની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી શોધખોળ આદરી છે.

જામનગર અને સિક્કામાં દારૂના ત્રણ દરોડામાં મહિલા સહિત ત્રણ સામે કાર્યવાહી

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં દારૂના ગેરકાયદે વેચાણ તથા હેરાફેરી સામે પોલીસે કાર્યવાહી કરી ત્રણ અલગ-અલગ બનાવમાં ત્રણ શખ્સો સામે પ્રોહિબિશન ધારાધોરણ મુજબ કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સિક્કા પોલીસના પ્રથમ દરોડામાં નાની ખાવડી ખાતે બાપા સીતારામ મંદિર પાસે મીરાબેન પ્રવીણભાઈ ખાંડેખા (ઉ.વ. ૧૯)ને શંકાસ્પદ રીતે જતાં અટકાવી તપાસ કરતાં તેમના કબજામાં રહેલ બાઈકની ડેકીમાંથી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની સાત બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂ. ૪,૭૬૦ થતી હતી. આ પ્રકરણમાં કરણસિંહ પ્રભાતસિંહ જાડેજાનું નામ પણ આરોપી તરીકે નોંધાયું છે.

બીજા બનાવમાં સિક્કા ડી.સી.સી. જેટી પાસેથી અસગરભાઈ મુસાભાઈ સુંભાણિયા (ઉ.વ. ૪૮)ને પરપ્રાંતીય દારૂની ત્રણ બોટલ, કિંમત રૂ. ૧,૫૦૦ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યારે ત્રીજા બનાવમાં જામનગરના ત્રણબત્તી ચોક પાસેથી આનંદ જેઠાભાઈ વારસાખિયા (ઉ.વ. ૨૭)ને ભારતીય બનાવટની વિદેશી દારૂની એક બોટલ, કિંમત રૂ. ૧,૦૦૦ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે ત્રણેય બનાવમાં દારૂનો મુદ્દામાલ કબજે કરી પ્રોહિબિશન ધારાધોરણ મુજબ કાર્યવાહી કરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

ખેતીની અભિનવ પદ્ધતિ (એગ્રીવોલ્ટાઈક્સ)

આબોહવા પરિવર્તન સામે ખેતીમાં ક્રાંતિકારી કદમ નવા વર્ષે ઉઠાવવામાં આવી રહ્યું છે.આજના આધુનિક યુગમાં જ્યારે આપણી પૃથ્વી ગ્લોબલ વૉર્મિંગ, આબોહવા બદલાવ, અનિયમિત વરસાદ અને વીજળીની વધતી જતી જરૂરિયાતો સામે એક મોટો સંઘર્ષ લડી રહી છે, ત્યારે ભારત જેવા વિશાળ અને કૃષિપ્રધાન દેશ માટે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન સાધતો નવો રસ્તો અપનાવવો અનિવાર્ય બની ગયો છે. પરંપરાગત ઊર્જા ્રોતો મર્યાદિત છે અને તેનાથી પ્રદૂષણ વધે છે, જ્યારે બીજી તરફ વધતી વસ્તી માટે અન્ન ઉત્પાદન વધારવું પણ એટલું જ જરૂરી છે. આ બંને ગંભીર પડકારોનો સામનો કરવા માટે તાજેતરમાં દિલ્હીના ભવ્ય પરિસરમાં યોજાયેલા રાષ્ટ્રીય સંમેલનમાં ખેતીની જમીન પર જ સોલાર પ્લેટ લગાવીને એકસાથે વીજળી અને પાક બંને મેળવવાની આધુનિક પદ્ધતિ પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ પદ્ધતિને 'ખેત-સોલાર પ્રણાલી' અથવા 'એગ્રીવોલ્ટાઇક્સ' તરીકે ઓળખવામાં આવે છે. આ તકનીક માત્ર વીજળી ઉત્પન્ન કરવા પૂરતી સીમિત નથી, પરંતુ તે દેશના અન્નદાતા ગણાતા ખેડૂતોના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાની અપાર ક્ષમતા ધરાવે છે.પરંપરાગત રીતે આપણી આર્થિક વ્યવસ્થામાં જમીનનો ઉપયોગ હંમેશાં બે અલગ-અલગ ભાગોમાં વહેંચાયેલો રહ્યો છે. એક તરફ અનાજ અને પાક ઉગાડવા માટે ખેતીની જમીન અને બીજી તરફ વીજળી ઉત્પન્ન કરવા માટે મોટા સોલાર પ્લાન્ટ્સની સ્થાપના. આ બંને વચ્ચે હંમેશાં જમીનની ઉપલબ્ધતા માટે એક પ્રકારની સ્પર્ધા જોવા મળતી હતીજો જમીન સોલાર પાર્ક માટે વપરાય તો ખેતી ઘટે, અને જો ખેતી માટે વપરાય તો રિન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટ્સ મર્યાદિત બને. પરંતુ આ નવી પદ્ધતિ આ બંને વિભાવનાઓને એક જ મંચ પર જોડી દે છે. ખેતરોમાં યોગ્ય ઊંચાઈ અને ચોક્કસ અંતર પર સોલાર પ્લેટ ગોઠવવામાં આવે છે, જેથી નીચેના ભાગમાં ટ્રેક્ટર અને અન્ય ખેતીના સાધનો સરળતાથી ફરી શકે, ખેડૂતો પોતાના પાકની સંભાળ રાખી શકે અને ઉપરના ભાગમાં સૂર્યપ્રકાશ દ્વારા વિપુલ પ્રમાણમાં વીજળી પણ મળી રહે.આ પદ્ધતિનો સૌથી મોટો વૈજ્ઞાનિક અને આર્થિક ફાયદો 'ભૂમિ-ઉપયોગ દક્ષતા' (Land-Use Efficiency) માં વધારો કરવાનો છે. જ્યારે એક જ જમીનના ટુકડાનો ઉપયોગ એક જ સમયે બે અલગ-અલગ ઉત્પાદન હેતુઓ (કૃષિ પાક અને સૌર વીજળી) માટે થાય છે, ત્યારે જમીનની ઉત્પાદકતા બે ગણી વધી જાય છે. ભારત જેવા દેશમાં જ્યાં જમીનની ઉપલબ્ધતા વસ્તી વધારાને કારણે સતત મર્યાદિત થતી જાય છે, ત્યાં આ પદ્ધતિ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. તે જમીનના બિનજરૂરી વિભાજનને અટકાવે છે અને ખેડૂતોને એક જ ક્ષેત્રમાંથી બહુવિધ લાભો મેળવવાની તક પૂરી પાડે છે.આ પદ્ધતિનો સૌથી મોટો કૃષિગત ફાયદો એ છે કે સોલાર પ્લેટના હળવા અને નિયંત્રિત છાંયાને કારણે ઉનાળાની કાળઝાળ ગરમી અને તીવ્ર સૂર્યપ્રકાશની સીધી અસરોથી પાકનું ઉત્તમ રક્ષણ થાય છે. આપણા દેશમાં ઉનાળાની સિઝનમાં તાપમાન ખૂબ વધી જવાથી અનેક નાજુક પાક બળી જાય છે અથવા તેમનો વિકાસ અટકી જાય છે. સોલાર પ્લેટનો છાંયો આ ગરમી સામે કુદરતી રક્ષણ પૂરું પાડે છે.

રેટીયો અને ખાદી વસ્ત્ર થકી ગાંધીજીએ વિશ્વને એપ્રોપ્રીએટ ટેકનોલોજીનો વિચાર આપ્યો

વિકાસ અને વિકલ્પ -ડૉ. નાનક ભટ્ટ

૧૯૯૮-૯૯ના વર્ષમાં કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ૨૦ ખેડૂતોએ શંકર-૪ જાતના કપાસનું વાવેતર કર્યું. કપાસની માવજત લેવામાં આ ખેડૂતોએ ઈન્ટિગ્રેટેડ પેસ્ટ મૅનેજમેન્ટની પદ્ધતિ અનુસાર ૫૦ ટકા સેન્દ્રિય ખાતર અને ૫૦ ટકા રાસાયણિક ખાતર અને દવાઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો. આથી લાંબો તાંતણો ધરાવતા ૧૬,૦૦૦ કિલો કપાસનો ઉતારો મળ્યો. બજારભાવે કપાસિયા સાથેનું રૂ વેચી દેવામાં આવે તો ખેડૂતોને ૪ લાખની આવક થાય. પરંતુ કચ્છના આ ખેડૂતો કપાસમાંથી બીજ છૂટાં પાડી તેને ભુજમાં જિનિંગ માટે લઈ ગયા. તે પછી મોરબી ખાતે અરુણોદય મિલમાં તેમાંથી યાર્ન, (તાર) તૈયાર કરાવી તે જ મિલમાં સફેદ રંગનાં ટી-શર્ટનું વિવિંગ કરાવ્યું. તેના પરિણામે ૨૦ ખેડૂતોના ૧૬,૦૦૦ કિલો રૂમાંથી ૮,૦૦૦ નંગ ટી-શર્ટ બન્યાં. આ ટી-શર્ટના નિર્માણમાં રાસાયણિક પ્રક્રિયાનો શક્ય તેટલો ઓછો ઉપયોગ થયો હતો. આથી તેને "સેમીઓર્ગેનિક" પ્રમાણપત્ર મળ્યું અને બેલ્જિયમ ખાતે ઓક્સફાર્મ દ્વારા એક ટી-શર્ટના રૂ. ૨૭૫ લેખે ખરીદી કરાઈ. એટલું જ નહીં પણ કપાસમાં વેલ્યૂ ઍડેડના આ કાર્યથી પ્રભાવિત થયેલ વિદેશી વ્યાપારીઓએ બીજાં ૨૫,૦૦૦ ટી-શર્ટનો ઑર્ડર આપ્યો છે.

ધરતીમાતાની ચાકરી કરનાર ગુજરાતનો ખેડૂત પેઢી દર પેઢીથી કપાસ ઉગાડે છે અને ગાંસડીઓ બાંધી વિદેશોમાં નિકાસ કરે છે. એક જમાનામાં માંચેસ્ટર ઉદ્યોગ જેના પર નભતો તેવા આપણા કપાસના ખેડૂતોની શક્તિ જોઈ ગાંધીજીએ સ્વરાજની ચળવળ સાથે રેંટિયાની વાત ઘર ઘર સુધી પહોંચાડી, ગરીબ માણસને સ્વાવલંબી બનાવવા ખાદીના વસ્ત્રને પ્રતિષ્ઠા આપી. પરંતુ રેંટિયાને એક તકનિક તરીકે સ્વીકારનાર ગાંધીનું તત્ત્વ તેમના તંત્રવાહકોની સમજણથી પર રહી ગયું. આથી ખાદી વસ્ત્ર વેલ્યૂ એડેડ બનવાના બદલે સરકારી સબસિડી આધારિત કાર્યક્રમ બની ગયો. એટલું જ નહીં પણ ગુજરાતના ગાંધી-સર્વોદય પરિવારમાં શિરમોર શ્રી મનુભાઈ પંચોલીને તો કહેવું પડ્યું કે, "આજની ખાદી એ ગાંધીની વિધવા માત્ર છે."

કાળી મજૂરી કરી કુદરત સામે બાથ ભીડી કપાસ ઉગાડનાર ખેડૂતને એક કિલો કપાસના રૂ. ૨૨થી ૨૫ મળે છે. તેમ માંડવીના આ ૨૦ ખેડૂતોને વ્યક્તિગત રીતે ૨૨,૦૦૦ મળ્યા હોત પરંતુ માંડવી સ્થિત એગ્રોસેલ દ્વારા આ કપાસને જિનિંગ મશીનથી આગળ લઈ જઈ તેને યાર્ન અને વોવલ મશીન સુધી લઈ જવા માર્ગદર્શન મળ્યું. તેથી એક ખેડૂતને રૂ. ૮૮ હજાર ૫૦૦ની આવક મળી. એટલું જ નહીં પણ આગામી વર્ષ માટેના ટી-શર્ટના ઓર્ડર્સ વધુ રુચિકારક બનાવવા ખેડૂતો ટી-શર્ટને વેજિટેબલ ડાયમાં રંગી તેના પર કચ્છના કારીગરોના ભરતકામ અને છાપકામના રંગો પૂરશે પરિણામે ખેડૂતોનો કપાસ વધુ રોજગારલક્ષી અને સુવાસિત બનશે.

ગુજરાત રાજ્યે ગુજરાત એગ્રો સર્વિસ સેન્ટરની યોજના મૂકી ખેતીના માળખામાં આધુનિકીકરણ મૂકવા પ્રયત્ન કર્યો. આથી પરંપરાગત ખેતીના સ્થાને નવાં ઓજારો, બિયારણો, ખાતર અને જંતુનાશક દવાઓ પ્રચલિત બન્યા છે. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીના સ્નાતકો અને વિદ્યાપીઠોના રૂરલ સ્ટડીઝના અનુસ્નાતકો દ્વારા સંચાલિત આ ખેતસેવા કેન્દ્રોએ દૂર-દૂરનાં ગામડાઓમાં ખેતીની નવી પદ્ધતિ પ્રચલિત કરી છે. આથી ગુજરાતનું ખેત-ઉત્પાદન આપણી જરૂરિયાતો સાથે બરાબરીની હરોળમાં આવ્યું છે.

પરંતુ માંડવી ખાતેના એગ્રોસેલ કેન્દ્રોએ ખેડૂતોના મિત્ર બની પોતાની ત્રણ એકર જમીન ઉપર ખેડૂતોની મગફળીમાંથી સારી જાતના દાણા અલગ કરી તેને પરદેશ મોકલવાની સેવા આપી છે, તદુપરાંત ખેડૂતો પોતાના સિંગદાણામાંથી તેલ-ખોળ પણ કાઢાવી પોતાની મહેનતનું અધિક મૂલ્ય મેળવી શકે તેવી સાધનસુવિધા આપી છે.

"પ્રામાણિક ધંધો અને વાજબી નફો"ની કાર્યપદ્ધતિથી ચાલતા માંડવીના કૃષીકેન્દ્રમાં ખેડૂતોના જૂના-નવાં સાધનોની લેવેચની સેવા વિસ્તરી છે. ઉપરાંત આસપાસનાં ૩૦૦ ગામડાંઓને ખેત આનુષંગિક સેવાઓથી આવરી લેવાયા છે.

હવામાં લહેરાતું હળવું સિલ્ક સ્ત્રીઓનું મન મોહી લે છે અને પુરુષોનું ખિસ્સું ખંખેરી લે છે. આ સિલ્કનાં વસ્ત્ર બહુ રૂપાળાં હોય છે. પરંતુ અન્ય સૌંદર્યપ્રસાધનો માફક સિલ્કની બનાવટ અત્યંત ક્રૂર હોય છે. જેની જાણ ભાગ્યે જ કોઈ ગ્રાહકને હશે. શેતૂરના પાનનો ખોરાક ખાઈ પોતાને ૯૦ દિવસ માટે જ કોઈ ગ્રાહકને હશે. શેતૂરના પાનનો ખોરાક ખાઈ પોતાને ૯૦ દિવસ માટે કોશેટામાં બાંધી રાખનાર ઇયળ પછીથી ફૂલો માટે રંગબેરંગી પતંગિયું હવામાં મૂકે છે. અને આ પતંગિયું ફૂલોને ફળ સુધી પહોંચાડવામાં મદદ કરે છે. પરંતુ માણસ પોતાના સ્વાર્થ ખાતર આવા લાખો કોશેટાઓને ગરમ પાણીમાં ઉકાળી રેશમનો તાંતણો છૂટો પાડી લે છે. અહીં કોશેટામાંથી સુંદર પતંગિયાની પ્રાકૃતિક સ્થિતિ તો અટકી જાય છે પણ કરોડો જીવની હત્યા પણ થાય છે.આ સ્થિતિથી બચવા અમદાવાદ સ્થિત આઈ.આઈ.એમ.ના સહકારથી એગ્રોસેલ કચ્છના ખેડૂતોમાં એરંડાની ખેતી પ્રચલિત કરી છે. ખારા-ભાંભળા પાણીથી ઉછરતા ગુજરાત એગ્રો-૧ નામની વેરાયટીવાળા એરંડાને ઓછી માવજત આપવા છતાં તેમાં એરંડાના બીજનો માળ (લૂમખાં) વધુ બેસે છે. તેના પાન ઉપર નભતી "બોબક્સ મોરી" નામની ઇયળથી અહિંસક સિલ્ક બની શકે છે. ઉપરાંત અડધા હોર્સ પાવરની મોટર કે ઓઈલ એન્જિન સાથે એક ચાક કટર ફિટ કરતાં તેના ડાળખાના ભૂકામાંથી ઘરવપરાશ માટેનો કોલસો બનાવી શકાય છે. એરંડાના તેલનો ઉપયોગ છેક નાયલોન રેઝિનના નિર્માણ સુધી પહોંચ્યો છે. આથી તેના તેલના ભાવ ઘણા ઊંચા રહે છે. તેટલું જ નહીં પણ એરંડાનો ખોળ એક ઉત્તમ સેન્દ્રિય ખાતર હોઈ ખેડૂતો હોંશે હોંશે પોતાની જમીનને તેનું ઉત્પાદન પાછું આપી ઋણમુક્તિનો આનંદ લે છે અને નવી સિઝને વધુ ઉત્પાદનની આશા બાંધે છે.

ખેડૂતને ધરતીપુત્ર અને જગતનો તાત જેવા શિરપાવ આપ્યા પછી તેની કંગાળ હાલત સામું જોવાની રાજકીય પક્ષોને ફુરસદ નથી ત્યારે કપાસના પૂમડાનું કુદરતું બનાવનાર, તેમ જ એરંડાના છોડ પર સિલ્કના કાપડ અને નાયલોન રેઝિનની શોભા આપનાર એગ્રોસેલના કચ્છી માડુઓને સલામ ખપે છે.

ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીન ઉપર નર્મદાનાં પાણી વહેશે ત્યારે વર્ષે ૧૪૦૦ કરોડનું ખેત-ઉત્પાદન બજારમાં પગરવ કરશે. તે વેળાએ જેમ ડુંગળીના પાકની દશા થાય છે તેવી અનેક પાકોની બેહાલી થશે. "પાણીના પાપે ખેડૂતો અન્નની હોળી કરશે ! તેવા માઠા દિવસો પણ મંડાશે." પરંતુ એવો કસમય દેખા દે તે પહેલાં દક્ષિણ ગુજરાતનાં ટમેટાં, સૌરાષ્ટ્રની ડુંગળી, ચીકુ, કેરી અને બોર જેવી ગુજરાતની ફળ પેદાશો તેમ જ શાકભાજીના ઉત્પાદનને વિજ્ઞાન અને મધ્યમ કદની તકનિકનો સમન્વય સાંપડે તો ખેડૂતોની મહેનત બે પાંદડે થાય. અન્યાયમુક્ત, પ્રદૂષણમુક્ત, રોજગારલક્ષી સમાજની રચના થાય. નાનાં ગામડાંઓ ભાંગી જતાં મટે અને સ્વસ્થ સમાજની ગાંધીની કલ્પનાનો પાયો બંધાય.

સૂતરના તાંતણે સ્વરાજની વાત લઈ ગુજરાત ગાંધીમેળાઓ યોજે છે ત્યારે શહેરી કલ્ચર દ્વારા વિકેન્દ્રિત ઉત્પાદનવ્યવસ્થા થકી ગાંધીવિચારનું દર્શન આપનાર એગ્રોસેલ જેવી વ્યવસ્થાઓને પણ હવે ગાંધીની સંસ્થા ગણવાનો સમય પાકી ગયો છે.

ગોવર્ધન લીલા અને છપ્પન ભોગનો દિવ્ય મહિમા

વિશેષ

ભગવાન શ્રીકૃષ્ણને આસો વદ અમાસ એટલે કે દિવાળીના બીજે દિવસે નૂતન વર્ષના પ્રારંભે અન્નકૂટના શુભ દિવસે 'છપ્પન ભોગ' ધરાવવાનો આ સુંદર મહોત્સવ શ્રીગિરિરાજની પૌરાણિક કથા સાથે જોડાયેલો છે.

ભારત દેશમાં દ્વાપર યુગમાં ઉત્તર પ્રદેશની પવિત્ર તથા ભવ્ય ભૂમિ મથુરા નગરીમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે અવતાર ધારણ કર્યોહતો. શ્રીકૃષ્ણની દિવ્ય તથા અલૌકિક લીલાઓથી સમગ્ર વ્રજભૂમિ ધન્ય બની છે. મથુરા, ગોકુળ, વૃંદાવન, ગોવર્ધન, બરસાના, નંદગ્રામ અને કુસુમ સરોવર જેવા મનોહર સ્થાનોથી વિભૂષિત આ ભૂમિ ખરેખર વંદનીય તથા પ્રસંશનીય ભૂમિ છે. પવિત્ર યમુના (કાલિંદી) નદી અને ગોવર્ધન પર્વત જેવા પ્રાકૃતિક સૌંદર્યથી શોભતી આ વ્રજભૂમિ પૃથ્વી પર વૈકુંઠ સમું તીર્થધામ છે. આ પુનિત ક્ષેત્રમાં કલકલ વહેતી કાલિંદી તથા ગિરિરાજ ગોવર્ધનની વનરાજી ભૂમિ આકર્ષણનું અને દિવ્યાનુભૂતિનું પ્રવેશદ્વાર છે, ભક્તિરસનું કેન્દ્ર છે. વ્રજભૂમિ વહાલા કનૈયાની સ્મૃતિઓથી ઝગમગે છે. કાનુડાની દિવ્ય સ્મૃતિઓ આ ધરતી પર મઘમઘે છે. ભગવાન શ્રીકૃષ્ણની આ લીલા ભૂમિ સૌંદર્યનું, આસ્થાનું અને આધ્યાત્મિકતાનું હૃદયસ્પર્શી તીર્થધામ છે.

કૃષ્ણભક્તિના અખંડ રસથી તરબતર વ્રજની પાવન ધરા પર ગિરિરાજ ગોવર્ધન પ્રકૃતિનું અણમોલ ઘરેણું છે. પરમ પૂજનીય તથા મંગલકારક ગિરિરાજ પર્વતની રજે રજમાં કનૈયાના બંસરીના સંગીતમય દિવ્ય સૂર આજે પણ અવિરતપણે ગુંજી રહ્યાં છે. આ અનાહત નાદ એ કોઈ ભૌતિક ધ્વનિ નથી, પરંતુ એક દિવ્ય સ્પંદન છે. જે માનવ પરમાત્માના અનન્ય પ્રેમમાં નિમગ્ન છે, તે પુણ્યશાળી સાધક આ અલૌકિક સૂરને પોતાના હૃદયમાં અનભવવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરે છે.

દ્વાપર યુગમાં વ્રજવાસીઓ દેવોના રાજા ઈન્દ્રની પૂજા, પ્રાર્થના તથા અર્ચના કરતા હતા. વ્રજભૂમિ પર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના આગમનથી વ્રજભૂમિમાં નૂતન ઉર્જા તથા દિવ્ય ચેતનાનો સંચાર થયો. ભગવાને વ્રજવાસીઓને સમજાવ્યા કે : "આપણું સાચું પાલનપોષણ કરનાર, વિવિધ ઔષધિઓ આપનાર, લીલુછમ ઘાસ આપનાર શ્રીગિરિરાજ ગોવર્ધન પર્વત છે. માટે ગોવર્ધન પર્વત કે જે પ્રકૃતિનું જીવંત પ્રતીક છે તેની પૂજા કરવી જોઈએ." પરમાત્માના આ અર્થસભર ઉપદેશને શિરોમાન્ય રાખી પ્રજાજનો દેવરાજ ઈન્દ્રને બદલે ગિરિરાજ ગોવર્ધન પર્વતની પ્રાર્થના તથા પૂજા કરવાનું શરૂ કર્યું. તેથી દેવરાજ ઈન્દ્રને આ ગમ્યું નહી. અહંકારમાં અંધ બનેલા ઈન્દ્રદેવને પ્રકૃતિસન્માનનો આદરભાવ ગમ્યો નહિ તેથી તેમણે વ્રજભૂમિ પર મૂશળધાર વરસાદ વરસાવવાનું શરૂ કર્યું. પ્રલયકારી વરસાદથી વ્રજવાસીઓ ભયભીત બનીને શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી. ભગવાન શ્રીકૃષ્ણ વ્રજના લોકોની દ્રઢ શ્રદ્ધાથી પ્રભાવિત થઈ, ભક્તોની આર્તવાણી સાંભળીને તેમના રક્ષણ માટે કરુણાસાગર પ્રભુ શ્રીકૃષ્ણે માત્ર એક ટચલી આંગળી પર વિશાળ ગોવર્ધન પર્વતને છત્રની જેમ ધારણ કરી લીધો. સાત દિવસ અને સાત રાત્રિ સુધી આ સંકટ સમયે વ્રજવાસીઓનું રક્ષણ કર્યું. તથા ગોપ-ગોવાળોએ કૃષ્ણપ્રેમમાં મગ્ન બની પોતાની લાડકીઓનો ટેકો આપ્યો. આ દિવ્ય લીલાપ્રસંગ માનવજાતને સંદેશ આપે છે કે ગમે તેવડી મોટી સમસ્યા કે આપત્તિ સર્જાય પણ જો પરસ્પર એકતા, સંપ, સહકાર અને સહાનુભૂતિથી કાર્ય કરવામાં આવે તો મહાન સંકટ આવે તો તેને પાર કરી શકાય છે. માનવ સંપ અને સહકારથી જીવન જીવે તો કઠિન કાર્ય પણ સુગમ બની જાય છે. કહ્યું છે કે, "ઝાઝા હાથ રળિયામણા" અને "સંપ ત્યાં જંપ". આ પ્રકારની સકારાત્મક શીખ દિવ્ય-લીલાનો પ્રસંગ આપે છે. પ્રકૃતિ-પૂજા તથા પર્યાવરણના સંરક્ષણનો સુંદર બોધ આ પ્રસંગ નિરૂપે છે. જ્યારે ઈન્દ્રદેવનો અહંકાર ઓગળ્યો અને વરસાદ બંધ થયો, ત્યારે વ્રજવાસીઓ ભયમુક્ત થયા. વ્રજવાસીઓએ ભગવાન પ્રત્યે કૃતજ્ઞાતા કે આભાર વ્યક્ત કરવા માટે પર્વત સમાન વિવિધ ચોસઠ પ્રકારની વાનગીઓનો ઢગલો કરીને ભોગ ધરાવેલો હતો, ત્યારથી આ અન્નકૂટ મહોત્સવનો પ્રારંભ થયો હતો. જે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવ તરીકે અમર થઈ ગયો, મથુરા-વૃંદાવન, શ્રીનાથજી (રાજસ્થાન) ગુજરાતના સ્વામિનારાયણ મંદિરો, કાશી વિશ્વનાથ મંદિર (વારાણસી), જગન્નાથપુરી (ઓડિશા) અને દક્ષિણ ભારત, ગુજરાતના વૈષ્ણવ સંપ્રદાયમાં, અયોધ્યા તથા ભારતભરમાં અન્ય સ્થળોએ આ મહોત્સવ ભાવપૂર્ણ રીતે છપ્પન ભોગ ભગવાનને ધરીને ભક્તિભાવથી ઉજવવામાં આ છે. વિશિષ્ટ શણગારનું પણ અયોજન થાય છે. આ મહોત્સવ માનવજાતને પ્રકૃતિ પ્રત્યેની કૃતજ્ઞાતા, અહંકારનો નાશ અને પરમાત્મા પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા તથા શરણાગતિનો સંદેશ આપે છે.

ગુજરાત ભાજપની ૨૦૨૭ની રણનીતિઃ સત્તા અને સંગઠનના સમન્વયથી વિજયી કૂચ

આસપાસ ચોપાસ -સુરેશ ભટ્ટ

ગુજરાતના રાજકારણમાં આગામી વિધાનસભા ચૂંટણી ભલે હજી થોડે દૂર દેખાઈ રહી હોય, પરંતુ ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ ચૂંટણીલક્ષી રણશિંગુ ફૂંકી દીધું છે અને પોતાની રાજકીય તૈયારીઓને આખરી ઓપ આપવાનું શરૂ કરી દીધું છે. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ દરમિયાન રાજભવન ખાતે યોજાયેલી બેઠકો અને ડિનર ડિપ્લોમસી એ સ્પષ્ટ સંકેત આપી દીધા છે કે ભાજપ સત્તા અને સંગઠનને વધુ ધારદાર બનાવવા માટે જરાય સમય વેડફવા માંગતો નથી. સરકારના મંત્રીઓ, સંગઠનના અગ્રણી હોદ્દેદારો અને પક્ષના વરિષ્ઠ તથા જૂના જોગીઓ સાથેનું આ મંથન માત્ર એક ઔપચારિક મુલાકાત નથી, પરંતુ આગામી સમયમાં રાજ્યના રાજકીય સમીકરણોને વધુ મજબૂત કરવા માટેનું એક સુદ્રઢ આયોજન સાબિત થઈ રહ્યું છે.

ભાજપની આ રાજકીય રણનીતિ માત્ર આગામી ચૂંટણી જીતવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે એક દીર્ઘદ્રષ્ટિપૂર્વક તૈયાર કરાયેલું સુદ્રઢ માળખું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સચોટ માર્ગદર્શન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ સંગઠનના નેતૃત્વમાં સરકાર તથા સંગઠન વચ્ચેનો અદ્ભુત સુમેળ, તેમજ પાયાના કાર્યકરોની નિષ્ઠાવાન મહેનત ગુજરાતમાં ભાજપ માટે એક અત્યંત મજબૂત સ્થિતિનું નિર્માણ કરી રહી છે.રાજકારણમાં યુવા ઉર્જા જેટલી મહત્વની છે, તેટલી જ વરિષ્ઠોની અનુભવી સૂઝબૂઝ પણ અનિવાર્ય માનવામાં આવે છે. વડાપ્રધાન મોદીએ અમદાવાદ એરપોર્ટ પર આગમન બાદ પૂર્વ ધારાસભ્યો, સાંસદો અને પક્ષના વરિષ્ઠ આગેવાનો સાથે વિશેષ ચર્ચાઓ કરી હતી. આ જૂના જોગીઓ પક્ષના પાયાના પથ્થર સમાન છે,

ગુજરાતનો રાજકીય ઈતિહાસ પ્રાચીન કાળથી લઈને આધુનિક લોકશાહી યુગ સુધી ખૂબ જ સમૃદ્ધ અને પરિવર્તનશીલ રહ્યો છે. દરિયાકાંઠાના વ્યાપારિક મહત્ત્વ અને ભૌગોલિકસ્થિતિને કારણે અનેક સામ્રાજ્યોએ આ પ્રદેશ પર શાસન કર્યું છે.આઝાદી પછી ગુજરાત 'બૃહદ મુંબઈ રાજ્ય'નો એક ભાગ હતું. ગુજરાતી ભાષીઓ માટે અલગ રાજ્યની માગ સાથે ઐતિહાસિક 'મહા ગુજરાત આંદોલન' થયું. પરિણામે, ૧ મે ૧૯૬૦ના રોજ બોમ્બે રાજ્યનું વિભાજન થઈને સ્વતંત્ર 'ગુજરાત રાજ્ય' અસ્તિત્વમાં આવ્યું. ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બન્યા.૧૯૬૦ થી ૧૯૯૫ સુધીના લાંબા સમયગાળા સુધી ગુજરાત વિધાનસભામાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું મુખ્ય વર્ચસ્વ રહ્યું, જોકે ૧૭૦ના દાયકામાં કટોકટી વિરોધી આંદોલનો અને જનતા મોરચાની સરકારોનો સમય પણ રાજકારણે જોયો.૧૯૯૫ પછી ગુજરાતના રાજકારણમાં મોટો વળાંક આવ્યો અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સત્તાના કેન્દ્રમાં આવી. કેશુભાઈ પટેલ અને ત્યારબાદ નરેન્દ્ર મોદીના લાંબા મુખ્યમંત્રીકાળ દરમિયાન ગુજરાતમાં ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને સુશાસનને કેન્દ્રમાં રાખીને રાજકારણનો પ્રવાહ બદલાયો. વર્ષ ૨૦૧૪ પછી રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાતના નેતૃત્વનો પ્રભાવ વધ્યો. વર્તમાન સમયમાં ભાજપ રાજ્યમાં સતત સત્તા પર છે, જ્યારે કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી મુખ્ય વિપક્ષી દળો તરીકે સક્રિય છે.આ પ્રકારે ગુજરાતનો રાજકીય ઈતિહાસ રજવાડાઓથી શરૂ થઈને લોકશાહીના મજબૂત મૂળ સુધીની દીર્ઘ અને પ્રેરણાદાયી સફર દર્શાવે છે.લોકશાહી વ્યવસ્થામાં સરકાર અને સંગઠન બંને એક જ રથના બે પૈડાં સમાન હોય છે. જો સરકાર ઉત્તમ કામ કરતી હોય પરંતુ તેનો અવાજ કે જલસો જનતા સુધી યોગ્ય રીતે ન પહોંચે, કે પછી સંગઠન અને શાસન વચ્ચે અંતર વધી જાય, તો ચૂંટણી ટાણે અનેક મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. વડાપ્રધાન મોદી અને પક્ષનું શીર્ષ નેતૃત્વ આ બાબતે હંમેશાં સજાગ રહ્યું છે અને ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે યોજાયેલી બેઠકોનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારની યોજનાઓ અને વિકાસ કાર્યોને જમીની સ્તરે વધુ અસરકારક રીતે પહોંચાડવાનો હતો. મંત્રીઓ અને સંગઠન પદાધિકારીઓ વચ્ચે સતત સંકલન રહેવાથી નીતિઓના અમલીકરણમાં આવતી અડચણોને તાત્કાલિક દૂર કરી શકાય છે અને જનતાના પ્રશ્નોનું સમયસર નિરાકરણ લાવી શકાય છે.

રાજકારણમાં યુવા ઉર્જા જેટલી મહત્વની છે, તેટલી જ વરિષ્ઠોની અનુભવી સૂઝબૂઝ પણ અનિવાર્ય માનવામાં આવે છે. વડાપ્રધાન મોદીએ અમદાવાદ એરપોર્ટ પર આગમન બાદ પૂર્વ ધારાસભ્યો, સાંસદો અને પક્ષના વરિષ્ઠ આગેવાનો સાથે વિશેષ ચર્ચાઓ કરી હતી. આ જૂના જોગીઓ પક્ષના પાયાના પથ્થર સમાન છે, જેમણે વર્ષો સુધી જમીની સ્તરે પરસેવો પાડીને સંગઠનને ઊભું કર્યું છે અને તેને લોકભોગ્ય બનાવ્યું છે. તેમની અનુભવી સલાહ અને માર્ગદર્શનથી પક્ષની ચૂંટણીલક્ષી રણનીતિને એક નવી દિશા પ્રાપ્ત થાય છે. વળી, આ પ્રકારના આત્મીય સંવાદથી આંતરિક અસંતોષ કે રંજિશની શક્યતાઓને સંપૂર્ણપણે નાબૂદ કરી શકાય છે અને તમામ કાર્યકરો એકજૂટ થઈને મેદાનમાં ઉતરી શકે છે.ગુજરાત ભાજપના સંગઠનાત્મક માળખામાં કરવામાં આવેલા તાજેતરના ફેરફારો પણ એટલા જ સૂચક અને દૂરગામી પરિણામો આપનારા છે. પક્ષ દ્વારા અંદાજે અઢી દાયકા એટલે કે ૨૫ વર્ષ પછી સહ મહામંત્રી સંગઠનની પ્રથાને ફરીથી જીવંત કરવામાં આવી છે. આ મહત્વના પદ પર યુવા અને કુશળ રણનીતિકાર અરુણ બિનનાડીને જવાબદારી સોંપવામાં આવી છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે પાર્ટી અનુભવની સાથે સાથે યુવા પ્રતિભાને પણ સંગઠનના કેન્દ્રમાં રાખીને ભવિષ્યની આગેવાની તૈયાર કરી રહી છે. આ ફેરફાર માત્ર એક હોદ્દાની ફેરબદલી નથી, પરંતુ સંગઠનને વધુ વેગવંતુ, ગતિશીલ અને આધુનિક બનાવવાની દિશામાં એક ખૂબ મોટું અને નિર્ણાયક પગલું છે.

ચૂંટણીની દ્રષ્ટિએ ગુજરાતના કેટલાક સંવેદનશીલ અને મહત્વના વિસ્તારો પર ભાજપનું વિશેષ ધ્યાન કેન્દ્રિત થયું છે. સૌરાષ્ટ્ર વિસ્તાર ચૂંટણીની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ અને નિર્ણાયક ગણાય છે, જ્યાં પોતાની પકડ વધુ મજબૂત કરવા માટે રાજકોટને મુખ્ય કેન્દ્ર તરીકે ફાળવવામાં આવ્યું છે. અહીંથી સંગઠનની પ્રવૃત્તિઓનું સઘન સંચાલન થઈ રહ્યું છે જેથી સ્થાનિક સમીકરણોને બરાબર સાધી શકાય. આ ઉપરાંત, પૂર્વીય આદિવાસી પટ્ટામાં અંબાજીથી લઈને ઉમરગામ સુધીના વિસ્તારોમાં પક્ષના પ્રભાવને વધુ સઘન બનાવવા માટે અનુભવી નેતા સતીશ ધોંડને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આદિવાસી મતોનું રાજકારણ વર્તમાન સમયમાં ખૂબ જ મહત્વનું છે અને ભાજપ અહીં કોઈપણ પ્રકારની નબળાઈ કે ખાલીપો રાખવા માંગતી નથી.કોઈપણ ચૂંટણી માત્ર મોટા નેતાઓના ભાષણો કે સભાઓથી નથી જીતાતી, પરંતુ બૂથ સ્તરે રહેલા સામાન્ય કાર્યકરોની અથાક મહેનતથી જીતાય છે. જિલ્લાઓ, મહાનગરો તેમજ યુવા, મહિલા, કિસાન, એસસી, એસટી અને ઓબીસી મોરચાઓમાં નવી નિયુક્તિઓ કરીને ભાજપે તૃણમૂલ સ્તરે એટલે કે ગ્રાશરૂટ લેવલે પોતાની પકડ મજબૂત કરવાનું અત્યારથી જ શર

આઇસીસીએ મંજૂર કર્યું વર્ષ ૨૦૩૫ સુધીનું ક્રિકેટ કેલેન્ડર : ભારત ૨૦૨૯માં ચેમ્પિયન્સ ટ્રોફી અને ૨૦૩૧માં વનડે વર્લ્ડ કપની કરશે યજમાની

મુંબઈ, ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા વર્ષ ૨૦૩૫ સુધીના ગ્લોબલ ક્રિકેટ કેલેન્ડરને મંજૂરી આપવામાં આવી છે. ઇન્ડોનેશિયાના બાલીમાં યોજાયેલી આઇસીસીની બેઠકમાં આ કાર્યક્રમને અંતિમ મંજૂરી આપવામાં આવી હતી. આ શેડ્યૂલ મુજબ ભારતને ૨૦૨૯માં ચેમ્પિયન્સ ટ્રોફી અને ૨૦૩૧માં વનડે વર્લ્ડ કપની યજમાની સોંપવામાં આવી છે. ૨૦૩૧નો વનડે વર્લ્ડ કપ ભારત અને બાંગ્લાદેશની સંયુક્ત યજમાનીમાં યોજાશે. આ કેલેન્ડરમાં આઇસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ, વનડે વર્લ્ડ કપ, ચેમ્પિયન્સ ટ્રોફી અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલનો સમાવેશ થાય છે.

આઇસીસી દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર, ૨૦૨૮માં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સંયુક્ત રીતે ટી૨૦ વર્લ્ડ કપની યજમાની કરશે. ત્યારબાદ ૨૦૩૦માં ઇંગ્લેન્ડ, આયર્લેન્ડ અને સ્કોટલેન્ડ આ ટુર્નામેન્ટનું સંયુક્ત આયોજન કરશે. ટી૨૦ વર્લ્ડ કપની આગામી આવૃત્તિઓ ૨૦૩૨ અને ૨૦૩૪માં યોજાશે, જોકે આ બંને ટુર્નામેન્ટના યજમાન દેશોનાં નામ હજુ નક્કી કરવામાં આવ્યાં નથી.

આગામી વર્ષે દક્ષિણ આફ્રિકામાં યોજાનારા વનડે વર્લ્ડ કપ બાદ આ ટુર્નામેન્ટ ૨૦૩૧માં ફરી એકવાર ભારતીય ઉપખંડમાં યોજાશે. ભારત અને બાંગ્લાદેશ સંયુક્ત રીતે ૯ ઓક્ટોબરથી ૨૩ નવેમ્બર, ૨૦૩૧ દરમિયાન મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપની યજમાની કરશે. આ પહેલાં ૨૦૨૩માં ભારતે વનડે વર્લ્ડ કપનું આયોજન કર્યું હતું. તે ટુર્નામેન્ટમાં ભારતીય ટીમ ફાઇનલ સુધી પહોંચી હતી, પરંતુ અમદાવાદમાં રમાયેલી ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત ૨૦૩૫માં પણ વનડે વર્લ્ડ કપનું આયોજન ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન કરવામાં આવશે. જોકે, આ આવૃત્તિ માટે યજમાન દેશની જાહેરાત હજુ કરવામાં આવી નથી.



વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલ અગાઉની જેમ દર બે વર્ષે જૂન મહિનામાં યોજાશે. આઇસીસી દ્વારા ઇંગ્લેન્ડને ૨૦૨૯ અને ૨૦૩૧ની ડબ્લ્યુટીસી ફાઇનલની યજમાની સોંપવામાં આવી છે. જ્યારે ૨૦૩૩ અને ૨૦૩૫ની ફાઇનલ ક્યાં યોજાશે તે અંગે હજુ નિર્ણય લેવામાં આવ્યો નથી.

આઇસીસી મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફીની આગામી મુકાબલા ૨૦૨૯માં ભારતમાં રમાશે. આ ટુર્નામેન્ટ ૯થી ૨૮ ઓક્ટોબર દરમિયાન યોજાવાની છે. ત્યારબાદ ૨૦૩૩માં ચેમ્પિયન્સ ટ્રોફી રમાશે, જોકે તેના યજમાન દેશની જાહેરાત હજુબાકી છે. ભારતને ૨૦૦૬ બાદ પ્રથમ વખત ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરવાનો અધિકાર મળ્યો છે. ભારત હાલ ચેમ્પિયન્સ ટ્રોફીનો વર્તમાન ચેમ્પિયન છે. આવી સ્થિતિમાં ભારતીય ટીમને હવે પોતાના ઘરઆંગણે ચાહકોની સામે ફરી એકવાર ટાઇટલ જાળવી રાખવાની સુવર્ણ તક મળશે.

વાનખેડે સ્ટેડિયમમાં પ્રથમ વખત રમાશે વિમેન્સ પ્રીમિયર લીગની મેચ

મુંબઈ, મહિલાઓની આઇપીએલ તરીકે જાણીતી વિમેન્સ પ્રીમિયર લીગની ૧૪મી જાન્યુઆરીએ વડોદરામાં શરૂ થનારી પાંચમી સીઝનની પાછલા ભાગની મેચો મુંબઈમાં ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયાના બ્રેબર્ન સ્ટેડિયમમાં રમાવાની હતી, પરંતુ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની વિનંતીને પગલે બોર્ડ ઑફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) આ મહિલા ટૂર્નામેન્ટની છેવટની મેચો બ્રેબર્નને બદલે વાનખેડે સ્ટેડિયમમાં રાખવા સંમત થયું છે.



આઇસીસીના બેનર હેઠળ મહિલા ક્રિકેટરો માટેની સૌપ્રથમ વિમેન્સ ચેમ્પિયન્સ ટ્રોફી ૧૪મી ફેબ્રુઆરીથી બ્રેબર્નમાં રમાવાની છે. જોકે ડબ્લ્યૂપીએલની મેચો પણ જો બ્રેબર્નમાં જ રમાય તો ચેમ્પિયન્સ ટ્રોફીના આરંભ પહેલાં સીસીઆઇને પિચ પરના કામ માટે માત્ર અઠવાડિયાનો સમય મળે એટલે આઇસીસીએ ડબ્લ્યૂપીએલની મેચો બ્રેબર્નને બદલે વાનખેડેમાં રાખવા બીસીસીઆઇને વિનંતી કરી હતી.

બ્રેબર્નમાં રણજી ટ્રોફીની અમુક મેચો પણ બ્રેબર્નમાં રાખવામાં આવી છે. વાનખેડેમાં પહેલી વખત ડબ્લ્યૂપીએલની મેચો રમાશે. પાછલી ચાર સીઝનની મેચો મુંબઈમાં બ્રેબર્નમાં અને નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં રમાઈ હતી.

અન્ડર-૧૯ વન-ડે એશિયા કપની ફાઇનલમાં પાકિસ્તાન તરફી પ્રેક્ષકોનો સપોર્ટ મળ્યો : આર્યાવીર સેહવાગ

મુંબઈ, અલ અમીરાત (ઓમાન): શનિવારે અહીં પાકિસ્તાનને અન્ડર-૧૯ વન-ડે એશિયા કપની અત્યંત રોમાંચક ફાઇનલમાં ભારતે છેલ્લા બૉલે વિજય મેળવ્યો ત્યાર બાદ મૅન ઑફ ધ ટૂર્નામેન્ટ આર્યવીર સેહવાગે પિતા વીરેન્દર સેહવાગને વીડિયો કૉલ પરની વાતચીતમાં કહ્યું, 'હું પાકિસ્તાનની બોલર્સની બોલિંગમાં ફટકાબાજી કરી રહ્યો હતો છતાં મારી બૅટિંગથી પ્રભાવિત થયેલા પાકિસ્તાન-તરફી પ્રેક્ષકોનો મને બહુ સારો સપોર્ટ મળ્યો હતો.'



આર્યવીરે ૬૧ બૉલમાં નવ ચોગ્ગાની મદદથી ૫૮ રન બનાવ્યા હતા. દિલધડક જીતનો પાયો તેણે તેમ જ કૅપ્ટન લક્ષ્ય રાયચંદાની (૮૦ રન, ૧૦૧ બૉલ, પાંચ ચોગ્ગા) ૯૫ રનની ભાગીદારી કરીને જીતનો પાયો નાખ્યો હતો. જોકે છેવટના બૅટ્સમેનોએ વિજય ભારે માનસિક દબાણ વચ્ચે શક્ય બનાવ્યો હતો. ખાસ કરીને મનલ ચૌહાણ (૪૭ રન) તથા ગુજરાતના મોહિત ઉલ્વા (૪૯ અણનમ)એ પાકિસ્તાનીઓના હાથમાંથી બાજી છીનવી લીધી હતી. ઉલ્વાએ ટૂર્નામેન્ટના અંતિમ બૉલ પર ભારતને જીતવા ત્રણ રનની જરૂર હતી ત્યારે વિનિંગ ચોગ્ગો ફટકારીને સૌને ચોંકાવી દીધા હતા.

આર્યવીર સેહવાગના ૨૩૦ રન ટૂર્નામેન્ટના તમામ બૅટ્સમેનોમાં હાઇએસ્ટ હતા. તેણે સિરીઝમાં એક મૅચમાં ૧૬૦ રન બનાવ્યા હતા અને ત્રણ મૅચમાં હાફ સેન્ચુરી ફટકારી હતી. વીરેન્દર સેહવાગે કોણી પર બૉલ વાગ્યો હોવા છતાં બૅટિંગ ચાલુ રાખીને ૫૮ રન બનાવનાર પુત્ર આર્યવીર સાથેનો વીડિયો સોશ્યલ મીડિયામાં શૅર કર્યો છે.આર્યવીરે પિતા (Father)ને કહ્યું, 'મને કોણી પર બૉલ વાગ્યો ત્યારે ફિઝિયો બે-ત્રણ વખત મેદાન પર આવ્યા હતા. સ્ટૅન્ડમાં ૨,૦૦૦ જેટલા પાકિસ્તાન-તરફી પ્રેક્ષકો હતા અને તેઓ ઇચ્છતા હતા કે હું બૅટિંગ ચાલુ રાખું એટલે તેમણે 'સેહવાગ...સેહવાગ'ની બૂમો પાડીને મને જુસ્સો અપાવ્યો હતો.

અભિનેત્રી સોનાક્ષી સિન્હાના મોર્ફ ફોટો કેસમાં પકડાયેલા શખ્સને મુક્ત કરવા કોર્ટનો આદેશ

મુંબઈ, અભિનેત્રી સોનાક્ષી સિંહાના વાંધાજનક અને ડિજિટલી મોર્ફ કરવામાં આવેલા ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા પર ફેલાવવાના કેસમાં મહત્વનો વળાંક આવ્યો છે. આ કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હી સ્થિત આર્યન દીપક જૈનને મુંબઈની કોર્ટે મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. પોલીસે આરોપીને દિલ્હીના શાહદરા વિસ્તારમાંથી પકડીને મુંબઈ લાવ્યા બાદ બાંદ્રા પોલીસ દ્વારા ત્રણ દિવસની પોલીસ કસ્ટડીની માગણી કરવામાં આવી હતી. જોકે, ધરપકડ અને આરોપીને મુંબઈ લાવવાની પ્રક્રિયામાં કાયદાકીય ખામીઓ હોવાનું નોંધીને મેજિસ્ટ્રેટે કસ્ટડી આપવાનો ઇનકાર કર્યો હતો.

સોનાક્ષી સિંહાએ પોતાના વાંધાજનક અને ડિજિટલી બદલાયેલા ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા પર પ્રસારિત થતા હોવાની જાણ થયા બાદ કાયદાકીય કાર્યવાહી શરૂ કરી હતી.



તેમની ફરિયાદના આધારે મુંબઈ પોલીસે તપાસ હાથ ધરી હતી અને કથિત રીતે આ તસવીરો તૈયાર કરવા તથા પ્રસારિત કરવામાં સંડોવણી હોવાની શંકાના આધારે આર્યન દીપક જૈનની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીને મુંબઈ લાવીને વધુ તપાસ અને તસવીરો તૈયાર કરવા માટે વપરાયેલા ઇલેક્ટ્રોનિક ઉપકરણો કબજે કરવા કસ્ટડી માગી હતી.આરોપી તરફથી વકીલો અમન શાહી, પ્રશાંત ત્રિવેદી અને આદિત્ય જૈને ધરપકડની કાયદેસરતા સામે સવાલ ઉઠાવ્યા હતા. બચાવ પક્ષે દલીલ કરી હતી કે પોલીસે ધરપકડ સમયે જરૂરી નોટિસ આપી નહોતી અને ધરપકડ કરવાનાં સ્પષ્ટ કારણો પણ જણાવ્યાં નહોતાં. વધુમાં, દિલ્હીમાં ધરપકડ કર્યા બાદ આરોપીને ત્યાંના અધિકારક્ષેત્ર ધરાવતા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા વિના સીધા મુંબઈ લાવવામાં આવ્યો હતો. આ પ્રક્રિયા પાછળ પોલીસ કોઈ યોગ્ય કારણ પણ રજૂ કરી શકી નહોતી.કોર્ટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ)ની જોગવાઈઓનું પાલન ન થવા અંગે પણ ગંભીર નોંધ લીધી હતી. ખાસ કરીને, સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ ધરાવતા ગુનાઓમાં ધરપકડ શા માટે જરૂરી છે તે અંગે તપાસ અધિકારીએ ચોક્કસ કારણો નોંધવા જરૂરી છે.

પાકિસ્તાન ટીમમાં હવે આક્રમકતા જોવા મળતી નથી : સંજય માંજરેકર



મુંબઈ, લક્ષ્ય રાયચંદાનીના નેતૃત્વમાં શનિવારે પાકિસ્તાનને ફાઇનલમાં છેલ્લા બૉલે હરાવીને એશિયા કપની ચૅમ્પિયન બનનાર ઇન્ડિયા અન્ડર-૧૯ ટીમે જીત્યા પછી કટ્ટર પાકિસ્તાની ખેલાડી સામે જે આક્રમક અભિગમ સાથે જીતનું અભૂતપૂર્વ સેલિબ્રેશન કર્યું એની પ્રતિક્રિયા તરીકે એક તરફ પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ યુસુફે ભારતીય ટીમની ટીકા કરી છે ત્યારે ભારતના ભૂતપૂર્વ ખેલાડી સંજય માંજરેકરે ક્રિકેટમાં પાકિસ્તાનને આડકતરી રીતે દમ વગરનું બતાવ્યું છે.

માંજરેકરે 'એક્સ' પર લખ્યું છે, 'પાકિસ્તાન તો હવે નબળું, અશક્ત છે અને અન્યો માટે ઇઝી ટાર્ગેટ છે. આક્રમકતા બતાવવી જ હોય તો બરાબરીના દેશોની ટીમ સામે બતાવવી જોઈએ.'માંજરેકરે જણાવ્યું છે, 'ભારતીય ખેલાડીઓએ આક્રમકતા તેમની બરાબરીના કહી શકાય એવા ઑસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ન્યૂ ઝીલૅન્ડ અને ઇંગ્લૅન્ડ જેવા દેશોની ટીમ સામે બતાવવી જોઈએ.'શનિવારે લક્ષ્યના ૮૦ રન અને આર્યવીર સેહવાગના ૫૮ રન ઉપરાંત ખાસ કરીને મનલ ચૌહાણના ૪૭ રન અને ગુજરાત રાજ્યના મોહિત ઉલ્વાના અણનમ ૪૯ રનની મદદથી ભારતે પાકિસ્તાન (Pakistan)ના હાથમાંથી જીત આંચકી લીધી હતી. મોહિત ઉલ્વાએ ટૂર્નામેન્ટના અંતિમ બૉલ પર ચોગ્ગો ફટકારીને ભારતને વિજય અપાવ્યો હતો.

સ્ટાર કિડ હોવા છતાં શ્રુતિ હાસનને જીવનમાં સંઘર્ષનો સામનો કરવો પડ્યો હતો : ઇન્ટરવ્યુમાં કર્યો ખુલાસો

હૈદરાબાદ, સાઉથ સિનેમાના દિગ્ગજ અભિનેતા કમલ હાસનની દીકરી અને અભિનેત્રી શ્રુતિ હાસને પોતાના જીવનના સંઘર્ષ વિશે મોટો ખુલાસો કર્યો છે. સામાન્ય રીતે સ્ટાર કિડ્સનું બાળપણ વૈભવી સુવિધાઓ અને પૈસાની કોઈ કમી વિના પસાર થતું હોવાનું માનવામાં આવે છે, પરંતુ શ્રુતિ હાસનની કહાની તેનાથી અલગ છે. અભિનેત્રીએ જણાવ્યું કે કમલ હાસનની દીકરી હોવા છતાં તેને જીવનમાં આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તેના પિતાએ ભણતર સિવાય અન્ય કોઈ ખર્ચની જવાબદારી લીધી નહોતી. શ્રુતિએ આ ખુલાસો એક યુટ્યુબ શોમાં વાતચીત દરમિયાન કર્યો હતો.શ્રુતિ હાસને જણાવ્યું કે તે પોતાના પિતાની ખૂબ નજીક છે અને પોતાને 'ડેડીઝ ગર્લ' માને છે. જોકે, તેના પિતા કમલ હાસન એકદમ સામાન્ય ભારતીય પિતા જેવા છે. શ્રુતિએ મજાકિયા અંદાજમાં કહ્યું કે જો તે પરીક્ષામાં ૧૦૦માંથી ૯૯ માર્ક્સ પણ લાવે તો તેના પિતા બાકીના એક માર્ક વિશે પૂછે છે. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું કમલ હાસન આવું તેને વધુ સારું પ્રદર્શન કરવા પ્રેરિત કરવા માટે કરતા હતા, ત્યારે શ્રુતિએ કહ્યું કે તેને લાગે છે કે તેના પિતા ખરેખર તેનાથી ક્યારેય સંપૂર્ણ સંતુષ્ટ થતા નથી.અભિનેત્રીએ પોતાના સંગીતના કરિયર દરમિયાન આવેલી મુશ્કેલીઓ વિશે પણ વાત કરી હતી. શ્રુતિએ શરૂઆતમાં અંગ્રેજી સિંગર અને સોંગરાઇટર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. જોકે, આ ક્ષેત્રમાં આગળ વધવું તેના માટે સરળ નહોતું. તેણે કહ્યું કે સંગીતના ક્ષેત્રમાં કામ કરતી વખતે આર્થિક રીતે કેટલો ફાયદો થાય છે, કેટલા લોકો સુધી પોતાનું કામ પહોંચે છે અને કયા પ્રકારના પ્રેક્ષકો સુધી પહોંચવું છે, જેવી બાબતોનું ધ્યાન રાખવું પડે છે. તે દરમિયાન તેને આર્થિક મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડ્યો હતો. શ્રુતિએ હળવા અંદાજમાં કહ્યું કે જ્યારે તેને પૈસાની જરૂર પડી ત્યારે તેણે બોલિવૂડનો રસ્તો પસંદ કર્યો હતો.



શ્રુતિએ વધુમાં ખુલાસો કર્યો કે તેના પિતાએ છેલ્લે ૧૯ વર્ષની ઉંમરે અમેરિકામાં તેના સંગીતના અભ્યાસનો ખર્ચ ઉઠાવ્યો હતો. તે સમયે પોતાની રીતે અભ્યાસનો ખર્ચ ઉઠાવવો તેના માટે શક્ય નહોતું. તેથી કમલ હાસને અમેરિકામાં તેની મ્યુઝિક એજ્યુકેશનની ટ્યુશન ફી અને રહેવાનો ખર્ચ ચૂકવ્યો હતો. અભિનેત્રીએ સ્પષ્ટ કર્યું કે આર્થિક રીતે પિતા પાસેથી મળેલી આ છેલ્લી મદદ હતી. ત્યારબાદ તેણે પોતાની કારકિર્દી અને જીવનની તમામ જવાબદારીઓ જાતે સંભાળી હતી.

કમલ હાસનની સંતાનોના ઉછેર અંગેની વિચારસરણી વિશે વાત કરતાં શ્રુતિએ જણાવ્યું કે તેના પિતા હંમેશાં બાળકોના શિક્ષણ માટે મદદ કરવા તૈયાર રહેતા હતા.

શબ્દ શોધો

બ	રા	બ	ર	ઇ	વિ	ધ	ક	ગી	ફ	ગી	ઈ
તુ	ર	ઉ	મ	શિ	વ	ધ	પ્ર	કી	ર	જી	ભા
કા	કા	ગ	હિ	ળ	બ	ચી	વ	ધ	જ	તી	ન
બા	લ	ફ	મા	ર	મા	કા	ગ	ધ	ગ	ક્ષ	ર
બા	આ	ઇ	ક્ષ	ધ	બા	શિ	જ	ળ	ર	દ	ભો
આ	પ્રા	ચી	વ	વા	સ	બા	જ	ભ	ક	ણા	બ
ક	ર	ન	બં	કા	મા	કા	ઐ	મો	મ	સ	અ
પ્ર	બા	દ	બા	કી	લ	કુ	મા	સ	આ	રો	અં
ર	સા	બં	ભા	ધ	બા	બ	આ	પ્ર	મા	દ	ધ
ભો	રા	દ	અઃ	ક	બા	સ	ક્ષ	મા	દ	મ	કા
સા	ર	ગ	પ્રા	મા	ણિ	ક	મા	મા	ઓ	ઊ	સા
કા	ન	લ	ધ	ળ	ચા	ઓ	ણ	ગી	ધ	ર	ગં

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

લોકપ્રિય વેબ સિરીઝ પંચાયતની પાંચમી સિઝન આ વર્ષે રિલીઝ નહીં થાય



મુંબઈ, ઈન્ટરનેટ પર લોકપ્રિય બનેલી વેબ સિરીઝ 'પંચાયત'ની પાંચમી સીઝનની રાહ જોઈ રહેલા દર્શકો માટે નિરાશાજનક સમાચાર સામે આવ્યા છે. પ્રાઈમ વીડિયો પર આ સિરીઝની નવી સીઝનની આતુરતાથી રાહ જોવામાં આવી રહી છે, પરંતુ તાજેતરના અહેવાલો અનુસાર, 'પંચાયત-૫' આ વર્ષે OTT પર રિલીઝ થવાની નથી. બીજી તરફ, સિરીઝના લોકપ્રિય પાત્ર બનરાકસનું નવું પોસ્ટર સામે આવતાં ચાહકોમાં ફરી ઉત્સુકતા વધી છે.

પંચાયત'ની અત્યાર સુધીની ચારેય સીઝનને દર્શકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. ખાસ કરીને ફૂલેરા ગામની સાદગીભરી વાર્તા, ગામની રાજનીતિ અને પાત્રોની રમૂજી રજૂઆતને કારણે આ વેબ સિરીઝે OTT પર પોતાની અલગ ઓળખ બનાવી છે. પાંચમી સીઝન આ વર્ષના અંત સુધીમાં રિલીઝ થવાની અટકળો હતી, પરંતુ હવે મેકર્સે સ્પષ્ટ કરી દીધું છે કે દર્શકોએ નવી સીઝન માટે હજુ રાહ જોવી પડશે.

આજે મેકર્સે સોશિયલ મીડિયા પર એક નવું પોસ્ટર શેર કર્યું હતું. આ પોસ્ટરમાં ક્રાંતિ દેવીના પતિ ભૂષણ શર્મા ઉર્ફે બનરાકસ જોવા મળી રહ્યો છે. અભિનેતા દુર્ગેશ કુમારે આ પાત્ર ભજવ્યું છે. પોસ્ટરમાં બનરાકસ ગળામાં ફૂલોની માળા પહેરીને હાથ જોડીને ઊભેલો જોવા મળે છે. તેની સાથે શેર કરવામાં આવેલા બીજા પોસ્ટરમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે, 'પંચાયત સીઝન-૫ આ વર્ષે નહીં આવે.'પોસ્ટ સાથે મેકર્સે રમૂજી અંદાજમાં કેપ્શન પણ લખ્યું છે, કે પંચાયતની આગામી સીઝન કેદ છે તે જણાવતાં અમને ખેદ થાય છે. પ્રાઈમ વીડિયોની આ પોસ્ટ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ચાહકોની પ્રતિક્રિયાઓનો વરસાદ શરૂ થયો છે.

ફિલ્મ રામાયણમાં સીતાજીના યોદ્ધા સ્વરૂપ અંગે નિર્દેશક નીતેશ તિવારીએ કર્યો ખુલાસો

મુંબઈ, રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ અભિનીત ફિલ્મ 'રામાયણ' રિલીઝ થયા બાદથી જ ચર્ચામાં છે. ખાસ કરીને ફિલ્મમાં સાઈ પલ્લવીને માતા સીતાના યોદ્ધા સ્વરૂપમાં દર્શાવવામાં આવતા દર્શકોમાં ચર્ચા અને વિવાદ શરૂ થયો છે. કેટલાક દર્શકોને સીતાનું આ એક્શન અવતાર પસંદ આવ્યું છે, જ્યારે કેટલાકે તેના પર સવાલો ઉઠાવ્યા છે. હવે ફિલ્મના નિર્દેશક નિતેશ તિવારીએ આ મુદ્દે પોતાનું મૌન તોડીને સીતાને યોદ્ધા તરીકે દર્શાવવા પાછળનું કારણ સમજાવ્યું છે.



નિતેશ તિવારીએ આપેલા એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે ફિલ્મમાં સીતાના પાત્રને રામાયણનાં અલગ-અલગ સંસ્કરણોમાંથી પ્રેરણા લઈને તૈયાર કરવામાં આવ્યું છે. ખાસ કરીને સંસ્કૃતમાં લખાયેલી 'અદ્ભુત રામાયણ' અને ૧૫મી સદીની ઓડિયા ભાષાની 'બિલંકા રામાયણ'નો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ ગ્રંથોમાં માતા સીતાને માત્ર સહનશીલતાની મૂર્તિ તરીકે નહીં, પરંતુ એક શક્તિશાળી યોદ્ધા અને બ્રહ્માંડની શક્તિના સ્વરૂપ તરીકે પણ રજૂ કરવામાં આવ્યાં છે.નિતેશ તિવારીએ સમજાવ્યું કે આ રામાયણોમાં સીતાનું વ્યક્તિત્વ સામાન્ય રીતે દર્શાવવામાં આવતી છબી કરતાં અલગ છે. તેમણે કહ્યું કે આ કથાઓમાં સીતા માત્ર મુશ્કેલ પરિસ્થિતિઓ સહન કરનારી સ્ત્રી નથી, પરંતુ સક્રિય યોદ્ધા અને દૈવી શક્તિનું પ્રતીક છે.

જામનગરમાં ઉત્તર ભારતીય સમુદાય દ્વારા આસ્થાભેર છઠ્ઠ પૂજાની ઉજવણી

વતનથી દૂર રહેતા બિહારી પરિવારોએ કૃત્રિમ પાણીના કુંડ બનાવી પરંપરાગત વિધિ-વિધાન સાથે સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કર્યું, રાજકીય આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં વસવાટ કરતા ઉત્તર ભારતીય અને ખાસ કરીને બિહારના વતનીઓ દ્વારા ગઈકાલે લોકઆસ્થાના મહાપર્વ છઠ પૂજાની ભારે ધામધૂમ અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વોર્ડ નંબર ૬માં આવેલા બાલાજી પાર્ક ઉપરાંત સેનાનગર અને રવિ પાર્ક વિસ્તારમાં બિહારી સમાજની મોટી વસાહત આવેલી છે, જ્યાં વહેલી સવારથી જ ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

પોતાના વતનથી દૂર રોજગારી અર્થે જામનગરમાં સ્થાયી થયેલા ઉત્તર ભારતીય પરિવારોમાં આ પર્વને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. હિન્દુ ધર્મ અને આસ્થાના આ પર્વ નિમિત્તે વ્રતધારી બહેનો માટે બાલાજી પાર્ક, સેનાનગર અને રવિ પાર્ક સહિતના વિસ્તારોમાં ખાસ પાણીના કુંડ બનાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે વોર્ડ નંબર ૬ ના બાલાજી પાર્ક વિસ્તારમાં સ્થાનિક રાજકીય આગેવાનો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સમાજના લોકો સાથે જોડાઈને પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને વ્રતધારી મહિલાઓ પરિવારજનો સાથે પૂજાની સામગ્રી, ફળફળાદિ અને પ્રસાદ લઈને કુંડ ખાતે ઉમટી પડી હતી. પાણીમાં ઉભા રહીને વ્રતધારી બહેનોએ છઠ મૈયા અને ભગવાન સૂર્યદેવની વિધિવત પૂજા-અર્ચના કરી હતી તથા પરિવારની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. સમગ્ર વિસ્તાર છઠ મૈયાના પરંપરાગત લોકગીતોથી ગુંજી ઉઠ્યો હતો અને સમગ્ર સમાજમાં એકતા અને ઉત્સાહનો માહોલ છવાયો હતો.

વિકસિત ભારતની થીમ પર બનાવેલ રંગોળીને શિક્ષણ મંત્રી અને મેયરએ બિરદાવી



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિન નિમિત્તે સમગ્ર રાજ્યમાં યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત જામનગર શહેરના વિશ્વવિખ્યાત રણમલ તળાવ પરિસર ખાતે ભવ્ય "આશીર્વાદનો દીવડો" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહુમુખી પ્રતિભા ધરાવનાર ઉપાસના પ્રતિષ્ઠાનના સંસ્થાપક અને સંચાલક ઉપાસના ઠક્કર દ્વારા 'વિકસિત ભારત ૨૦૪૭' થીમ પર કુદરતી, વનસ્પતિજન્ય અને પર્યાવરણને અનુકૂળ (ઈર્ષ્ઠ-કૌહિક્કક્ષઅ) વસ્તુઓમાંથી ભવ્ય રંગોળી બનાવવામાં આવી હતી.

આ અનોખી અને પર્યાવરણલક્ષી રંગોળીની ગુજરાત સરકારના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તેમજ જામનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા અને મેયર તેમજ વોર્ડ નંબર ૯ ના કોર્પોરેટર મોનિકાબેન વ્યાસે ખાસ મુલાકાત લઈને ખૂબ જ પ્રશંસા કરી હતી. બંને મહાનુભાવોએ કલાકારની સર્જનાત્મકતાને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ તકે ઉપાસના ઠક્કરે પ્રોત્સાહન આપનાર શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા તેમજ મેયર મોનિકાબેન વ્યાસ અને સમગ્ર કાર્યક્રમ દરમિયાન મળેલા સહયોગ બદલ જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ તેમજ વોર્ડ નંબર ૧૬ ના કોર્પોરેટર ખ્યાતિબેન મુંગરાનો આભાર વ્યક્ત કર્યો હતો.

ભારતીય વાયુસેનાના વિશાળકાય સી-૧૭ ગ્લોબ માસ્ટર વિમાન જામનગરના આકાશમાં મળ્યું જોવા



જામનગર : જામનગરના આકાશમાં ગઈકાલે ભારતીય વાયુસેનાનું વિશાળકાય સી-૧૭ ગ્લોબમાસ્ટર વિમાન નજરે પડતાં શહેરીજનોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું હતું. સામાન્ય વિમાનો કરતાં વિશાળ કદ અને વિશિષ્ટ દેખાવ ધરાવતા આ વિમાનને આકાશમાં ઉડતું જોઈને અનેક લોકોની નજર તેના તરફ સ્થિર થઈ ગઈ હતી.

ભારતીય વાયુસેનાના શક્તિશાળી પરિવહન વિમાન સી-૧૭ ગ્લોબમાસ્ટરને 'આકાશનો દૈત્ય' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વિમાન ભારે લશ્કરી સાધનો, વાહનો અને ટેન્ક સહિતના મોટા જથ્થાનું હવાઈ પરિવહન કરવાની ક્ષમતા ધરાવે છે. દેશની સંરક્ષણ વ્યવસ્થામાં આ વિમાનનું વિશેષ મહત્ત્વ છે.

જામનગરમાં સહાયતા સેતુ ડ્રિલની તૈયારી ચાલી રહી હોવાના સંદર્ભમાં આ વિશાળકાય વિમાન આકાશમાં જોવા મળતાં લોકોમાં તેની ઉડાન અંગે ચર્ચા શરૂ થઈ હતી. આ વિમાનને નિહાળનારા નાગરિકોમાં પણ ભારે ઉત્સુકતા જોવા મળી હતી.

જામનગરમાં તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સો પકડાયા

જામનગર : જામનગર શહેરમાં જાહેરમાં જુગાર રમતા શખ્સો સામે પોલીસે કાર્યવાહી કરી હતી. ગુલાબનગર વિસ્તારમાં ગંજીપત્તાથી તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સોને સીટી બી ડિવિઝન પોલીસે ઝડપી લીધા હતા.

પોલીસમાં ચોપડે નોંધાયેલી વિગત અનુસાર ગુલાબનગરમાં રામમંદિરથી આગળ આવેલી સાંકડી શેરીમાં જાહેરમાં પાંચ શખ્સો ગંજીપત્તાના પાનાં વડે તીનપત્તી રોન પોલીસ નામનો જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. આ દમરિયાન સુનિલ કિશોરભાઈ રોલીયા (ઉ.વ. ૩૦), અજયભાઈ નારણભાઈ મકવાણા (ઉ.વ. ૩૦), નરશીભાઈ ચનાભાઈ જાદવ (ઉ.વ. ૩૬), દિનેશભાઈ પબાભાઈ જાદવ (ઉ.વ. ૩૩) અને અમિત કિશોરભાઈ મકવાણાને (ઉ.વ. ૨૫) પત્તા ટીચતા પકડાયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૧૦,૧૫૦ તથા ગંજીપત્તાનાં પર પાનાં કબજે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

જામનગર અને કાલાવડમાં દારૂની બોટલો સાથે ત્રણ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લામાં દારૂબંધીના કાયદાના અમલ માટે પોલીસે કરેલી કાર્યવાહીમાં કાલાવડ અને જામનગરમાંથી ત્રણ શખ્સોને વિદેશી દારૂની બોટલો સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

કાલાવડ ટાઉન પોલીસ મથકની સામે ધોરાજી રોડ પર પોલીસે બે અલગ-અલગ કાર્યવાહી કરી હતી. જેમાં ટોડા સોસાયટીમાં રહેતા ભરતભાઈ છગનભાઈ ચંદ્રપાલ અને ભીખાભાઈ મંગાભાઈ વાણિયા પાસેથી ઈંગ્લીશ દારૂના એક-એક ચપલા મળી આવતા બંનેની કરવામાં આવી હતી.

જ્યારે જામનગરના દિગ્જામ સર્કલથી આરવ હાઈટ્સ તરફ જવાના માર્ગ પર સીટી-સી ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે દરોડો પાડી ગણપતનગર, બાવરીવાસમાં રહેતા પંકજ ઉર્ફે પોપટ વિજયભાઈ પરમાર (ઉ.વ. ૨૭)ને ઝડપી લીધો હતો. તેની પાસેથી બ્લેક બુલ મેચ્યોર્ડ રમની ૬ બોટલ, કિંમત રૂ. ૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી તેની ધરપકડ કરવામાં આવી હતી.

ક્યાં ગઈ સ્વરછતા..?

જામનગરમાં નંદઘેર પાસે જ ગંદકીથી બાળકોના સ્વાસ્થ્ય પર જોખમ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં લીમડાલેન જેવા રહેણાંક વિસ્તારના મકરાણી પાળામાં આવેલ 'નંદઘર' પાસે જ ચોમેર ગંદા પાણી, કચરાના ઢગલા અને ઉકરડાનું સામ્રાજ્ય ફેલાયેલું રહે છે, જેથી નંદઘરમાં આવતા નાના ભૂલકાઓના સ્વાસ્થ્ય પર જોખમ તોળાયેલું રહે છે. નંદઘર તેમજ આસપાસના વિસ્તારમાં કચરો ઉપાડવાની ગાડી નિયમિત આવતી નથી તેમજ સફાઈ કરવા પણ કોઈ આવતું નથી. આ પ્રશ્ને આ વિસ્તારના રહેવાસીઓએ મહાપાલિકામાં રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં લેવાતા નથી. આ ઉકરડાને દુર કરવા, નિયમિત સફાઈ કરવા તથા સીસી ટીવી કેમેરા મૂકવા રહેવાસીઓએ રજૂઆત કરી છે.

દ્વારકામાં ઈસ્કોન ગેટથી રબારી ગેટ સુધીનો નેશનલ હાઈવે બિસ્માર



દ્વારકા : સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકામાં પ્રવેશવાના મુખ્ય માર્ગ એવા નેશનલ હાઈવે પર ઈસ્કોન ગેટથી રબારી ગેટ વચ્ચેનો રસ્તો હાલ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. આ માર્ગ પરથી દરરોજ હજારો સ્થાનિક નગરજનો તેમજ દેશ-વિદેશથી આવતા યાત્રાળુઓ અવરજવર કરે છે, પરંતુ રસ્તાની દયનીય સ્થિતિને કારણે સૌ કોઈ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

દ્વારકાના ઈસ્કોન ગેટથી રબારી ગેટ વચ્ચે નવો સી.સી. (સિમેન્ટ કોંક્રીટ) રોડ બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા અગાઉથી જ મંજૂરી આપી દેવામાં આવી છે. તેમ છતાં આજદિન સુધી આ રોડનું કામ શરૂ કરવામાં આવ્યું નથી. અને સમગ્ર કામગીરી ટલ્લે ચડી હોય તેવો ઘાટ સર્જાયો છે. રસ્તા પર ઠેર-ઠેર પડેલા મસમોટા ખાડા અને ઉડતી ધૂળની ડમરીઓને કારણે વાહનચાલકો, રાહદારીઓ તેમજ આસપાસના વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ખાડાઓને લીધે નાના-મોટા અકસ્માતોનો ભય સતત તોળાઈ રહ્યો છે. યાત્રાધામ દ્વારકાની ગરિમા જળવાઈ રહે અને પ્રજાની મુશ્કેલીઓનો કાયમી અંત આવે તે માટે જવાબદાર તંત્ર અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા મંજૂર થયેલા આ સી.સી. રોડનું કામ તાત્કાલિક ધોરણે પૂર્ણ કરાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

મોટા વડિયા ગામે જુગાર રમતા છ પકડાયા

જામનગર : જામજોધપુર તાલુકાના મોટા વડિયા ગામમાં જાહેરમાં ગંજીપાનાં વડે તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે જામજોધપુર પોલીસે દરોડો પાડી છ શખ્સોને ઝડપી લીધા હતા.

જામજોધપુર તાલુકાના મોટા વડીયા ગામે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી પોલીસે સ્થળ પર જઈ દરોડો પાડતા જુગાર રમી રહેલ મહેશભાઈ દેવાભાઈ કરંગિયા, સુભાષભાઈ ખીમાભાઈ કરમુર, ધીરૂભાઈ ધરણાતાભાઈ ગોજિયા, રાજેશભાઈ હમીરભાઈ ડાંગર, મુકેશભાઈ દેવાણંદભાઈ કરંગિયા અને વજશીભાઈ અરજણભાઈ કરંગિયાને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડા રૂ. ૧૦,૧૪૦ કબજે કર્યા હતા. જ્યારે ૬૪ વર્ષના વજશીભાઈ કરંગિયાને વરિષ્ઠ નાગરિક હોવાના કારણે નોટિસ આપવામાં આવી હતી.

રાજકોટ રેલવે ડિવિઝનની પાર્સલ આવકમાં એક જ દિવસમાં રૂ. ૧૧.૦૧ લાખની આવક

અગાઉ રૂ. ૯.૫૦ લાખનો રેકોર્ડ તૂટ્યો : સાત મહિનામાં પાર્સલ પરિવહનથી રૂ. ૮.૪૪ કરોડની આવક મેળવી

જામનગર : પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને પાર્સલ પરિવહન ક્ષેત્રે નવી સિદ્ધિ હાંસલ કરી છે. તા. ૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ એક જ દિવસમાં પાર્સલ પરિવહન મારફતે રૂ. ૧૧.૦૧ લાખની આવક મેળવી અત્યાર સુધીની સૌથી વધુ એકદિવસીય આવકનો નવો રેકોર્ડ સ્થાપ્યો છે. આ અગાઉ તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ એક જ દિવસમાં રૂ. ૯.૫૦ લાખની આવકનો રેકોર્ડ નોંધાયો હતો.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, રેલવે દ્વારા પાર્સલ પરિવહનને પ્રોત્સાહન આપવા અને વધુને વધુ વેપારીઓને રેલવે સાથે જોડવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેના પરિણામે આર્ટિફિશિયલ જવેલરી, ઘરવખરીનો સામાન, પિત્તળના અને ઓટોમોબાઈલના ભાગો, કાપડ, શાકભાજી, ફળો સહિત ઝડપથી બગડી જતી ચીજવસ્તુઓનું પરિવહન પણ રેલવે મારફતે કરવામાં આવી રહ્યું છે.

વધુમાં વેપારીઓની જરૂરિયાત મુજબ પરિવહન સુવિધાઓમાં સુધારો કરીને માલસામાનની હેરફેરને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. જેના પરિણામે રાજકોટ ડિવિઝનની પાર્સલ પરિવહન ક્ષેત્રે વ્યાપારી પ્રવૃત્તિઓમાં વધારો થયો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં તા. ૧ એપ્રિલથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીના સાત મહિનામાં રાજકોટ ડિવિઝન દ્વારા કુલ ૨,૩૪,૩૬૭.૫ ક્વિન્ટલ માલનું પરિવહન કરવામાં આવ્યું હતું. જેના થકી રૂ. ૮,૪૪,૪૪,૮૫૫ની માલભાડાની આવક પ્રાપ્ત થઈ હતી.

આ સિદ્ધિ બદલ રાજકોટ ડિવિઝનના મંડળ રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ વાણિજ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આ સફળતાને અધિકારીઓ અને કર્મચારીઓની મહેનત, કાર્યદક્ષતા, પ્રતિબદ્ધતા અને સામૂહિક ટીમ ભાવનાનું પરિણામ ગણાવી ભવિષ્યમાં પણ પાર્સલ અને માલ પરિવહન ક્ષેત્રે નવી સિદ્ધિઓ હાંસલ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કંકાવટી ખાતે સમસ્ત મસાલિયા રાવલ પરિવારના કુળદેવીનો ઉજવાશે પાટોત્સવ

જામનગર : સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકાના કંકાવટીમાં બિરાજતા સમસ્ત મસાલીયા રાવલ પરિવાર ના કુળદેવી શ્રી આદ્યશક્તિ માતાજી ના મંદિર માં આગામી તારીખ ૨૧ અને ૨૨ નવેમ્બરના ૨૦૨૬ ના ૨૮ માં પાટોત્સવ નું સાથે સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૨૧ના રાત્રે ૮ કલાકે વાર્ષિક સાધારણ સભા યોજાશે , આ પછી મસાલીયા રાવલ પરિવાર ના વિદ્યાર્થીઓ અને કોઈ પણ ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ આપેલ કરનાર ભાઈબંધ સન્માન કરી તેમને પારિતોષિક વિતરણ કરવામાં આવશે . તારીખ ૨૧ ના સવારે ૬:૧૫ કલાકે મંગળા આરતી , બપોરે યજ્ઞ સહિત વિવિધ કાર્યક્રમો ની શરૂઆત થશે. જ્યારે તા. ૨૨ના યજ્ઞ ઉપરાંત માતાજી ની રાજોપચાર પૂજા , ધ્વજારોણ મહા આરતી અને ત્યારબાદ યજ્ઞપૂર્ણાહુતિ થાશે અને બપોરે મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે. આ બંને દિવસના કાર્યક્રમમાં મસાલીયા રાવલના તમામ પરિવારજનોને ઉપસ્થિત રહેવા શ્રી આદ્યશક્તિ દેવસ્થાન સમિતિ, મસાલિયા રાવલ પરિવાર ટ્રસ્ટના પ્રમુખ પ્રદીપભાઈ રાવલ અને મંત્રી વિજયભાઈ રાવલએ અનુરોધ કર્યો છે.

હેપ્પી બર્થ-ડે

ધ્રોલ સતવારા સમાજના યુવા જામનગર જિલ્લા ભાજપ પ્રિમુખ આશિષ પરમારનો આજે જન્મદિવસ



જામનગર જિલ્લા ભારતીય જનતા પાર્ટી (ભાજપ) OBC મોરચાના પ્રમુખ, લોકપ્રિય યુવા નેતા અને સફળ યુવા ઉદ્યોગપતિ આશિષ પરમારનો આજે જન્મદિવસ છે. તેમણે યુવાનોને સંગઠન સાથે જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. રાજકારણની સાથે સાથે વ્યવસાયિક ક્ષેત્રે પણ તેમણે નાની ઉંમરમાં મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સફળ બિઝનેસ ચલાવી રહ્યા છે. નાની ઉંમરમાં બિઝનેસ ક્ષેત્રે કાઠું કાઢીને તેઓ અયુવાનો અને કાર્યકરો માટે પ્રેરણારૂપ બન્યા છે. સામાજિક, રાજકીય અને ઔદ્યોગિક ક્ષેત્રે સતત સક્રિય રહીને લોકપ્રશ્નોના નિરાકરણ માટે હંમેશા તત્પર રહેતા આશિષભાઈ પરમારને આજે જન્મદિવસ નિમિત્તે તેમના મો. ૯૯૦૯૩ ૩૩૫૨૦ છે.

ક્યૂટ બેબી આરોહીનો આજે જન્મદિન



મારુ નામ આરોહી છે. મારા પપ્પાનું નામ ભાવેશભાઈ ઉપાધ્યાય છે. મારી દીદીનું નામ માહિ છે. મારા દાદા આશુતોષભાઈ છે. મારા દાદી તરુબેનની હું લાડલી છું.

સલાયા લોહાણા મહાજનના પ્રમુખ-વરિષ્ઠ પત્રકાર ભરતભાઈ લાલનો આજે જન્મ દિવસ



સલાયાના લોહાણા મહાજનના પ્રમુખ અને વરિષ્ઠ પત્રકાર તેમજ જલારામ મંદિર અન્નક્ષેત્ર ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઈ દામોદરભાઈ લાલનો આજરોજ જન્મ દિવસ છે.વિક્રમ સવંત ૨૦૧૦ કારતક સુદ સાતમ (જલારામ જયંતિના) રોજ જન્મેલ ભરતભાઈ દર વર્ષે ગુજરાતી તિથિ મુજબ જલારામ જયંતિના રોજ એમનો જન્મ દિવસ મનાવે છે. સલાયાની અનેક ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલ અને તેમનું નવીનીકરણ તેમજ નિર્માણમાં જેનો સિંહ ફાળો અને સેવા હોય છે. રાજકીય ક્ષેત્રે પણ સલાયા નગરપાલિકાના ૩ ટર્મ સૌથી વધુ લીડ સાથે જીતનાર સદસ્ય તરીકે સેવા આપેલ છે.ઉદ્યોગ જગતમાં પણ ખૂબ આગળ રહેલ ભરતભાઈ હંમેશા સમાજના દરેક લોકોને સાથે રાખી ચાલે છે. આજરોજ એમના જન્મદિવસ નિમિતે શુભકામનાઓ છે.

લેઉવા પટેલ સમાજ દ્વારા યોજાયો સ્નેહ મિલન કાર્યક્રમ



જામનગર : શ્રી લેઉવા પટેલ સમાજ જામનગર શહેર-જિલ્લા દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કેશવજી અરજણ લેઉવા પટેલ સમાજ, રણજીતનગર ખાતે યોજાયેલ કાર્યક્રમ પ્રસંગે જ્ઞાતિજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. પ્રમુખ મનસુખભાઈ રાબડીયાની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમ પ્રસંગે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા ભાજપ પ્રમુખ ડો. વિનોદભાઈ ભંડેરી, પૂર્વપ્રમુખ રમેશભાઈ મુંગરા, માર્કેટીગ યાર્ડનાં ચેરમેન મુકુંદભાઈ સભાયા, ચેમ્બર પ્રમુખ રમણિકભાઈ અકબરી, જી.આઈ.ડી.સીનાં પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પટેલ, સમાજનાં ઉપપ્રમુખ કૈલાશભાઈ રામોલીયા, મંત્રી અશોકભાઈ પટેલ, કિશોરભાર સંઘાણી, મયુરભાઈ મુંગરા, ભાવેશભાઈ કાનાણી સહિત અગ્રણીઓ અને જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

અગાઉની સરકારોએ આદિવાસીઓને ન તો સમજ્યા, ન તો તેમની પરવા કરી : વડાપ્રધાન મોદી

વડાપ્રધાન મોદીએ વાંસ પરના પ્રતિબંધોને યાદ કર્યા અને અગાઉની સરકારો પર નિશાન સાધ્યું



નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આદિવાસી સમુદાયો પ્રત્યે અગાઉની સરકારોના અભિગમની ટીકા કરતા કહ્યું કે, તેમણે ન તો તેમની ચિંતાઓને સમજી અને ન તો તેમના કલ્યાણની પરવા કરી. 'જનજાતીય ગૌરવ દિવસ' કાર્યક્રમમાં સંબોધન કરતા તેમણે આદિવાસી વિકાસ માટે કેન્દ્ર સરકારની પહેલો પર પ્રકાશ પાડ્યો અને કહ્યું કે, તેમની સરકારે એ સુનિશ્ચિત કરવા માટે કામ કર્યું છે કે આદિવાસી સમુદાયોને તેમના અધિકારો મળે અને તેઓ પાયાની સુવિધાઓ સુધી પહોંચ મેળવી શકે.

વડાપ્રધાને આ ટિપ્પણી મહારાષ્ટ્રના ગડચિરોલીમાં આદિવાસી સ્વતંત્રતા સેનાની બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન કરી હતી, જ્યાં તેઓ દેશભરના આદિવાસી સમુદાયના સભ્યો સાથે વર્ચ્યુઅલ માધ્યમથી સંવાદ કરી રહ્યા હતા. આ સંવાદ દરમિયાન, લાભાર્થીઓએ વિવિધ સરકારી યોજનાઓ અંગેના તેમના અનુભવો શેર કર્યા અને જણાવ્યું કે કેવી રીતે આ પહેલોએ તેમના જીવન પર અસર કરી છે.

સંવાદ દરમિયાન, મોદીએ ગુજરાતના ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના હાથાકુંડી ગામના વજીર સાથે 'નવી ગુજરાત પેટર્ન યોજના' અને આદિવાસી સમુદાય પર તેની અસર વિશે વાત કરી. વજીરે વડાપ્રધાનને જણાવ્યું કે તેમને ૨૦૦૪માં ગુજરાત સરકારની યોજના હેઠળ વાંસના કામની તાલીમ મળી હતી. તેમણે એમ પણ કહ્યું કે તેમને 'પીએમ-જનમન' (PM-JANMAN) યોજના હેઠળની અનેક પહેલોનો લાભ મળ્યો છે અને તેમણે વડાપ્રધાન તેમજ રાજ્ય અને કેન્દ્ર સરકારનો આભાર માન્યો.

તેમને જવાબ આપતા, મોદીએ બ્રિટિશ શાસન દરમિયાન વાંસ કાપવા પર લાદવામાં આવેલા પ્રતિબંધોનો ઉલ્લેખ કર્યો અને આઝાદી પછી પણ આ કાયદો દૂર ન કરવા બદલ અગાઉની સરકારોની ટીકા કરી. વડાપ્રધાને કહ્યું, "વજીરજી, તમને કદાચ ખબર હશે કે અંગ્રેજોએ વાંસને 'વૃક્ષ' તરીકે વર્ગીકૃત કરીને એક મોટું કાવતરું રચ્યું હતું; પરિણામે, જે કોઈ વાંસ કાપે તેને જેલમાં નાખી દેવામાં આવતો હતો. આઝાદી પછી આ કાયદો નાબૂદ થવો જોઈતો હતો. પરંતુ દુર્ભાગ્યવશ, અગાઉની સરકારોમાં કેટલાક લોકોએ ન તો આદિવાસી સમુદાયોને સમજ્યા કે ન તો તેમની પરવા કરી." તેમણે ઉમેર્યું કે તેમની સરકાર સત્તામાં આવ્યા પછી, તેમણે આ કાયદો સમાપ્ત કર્યો અને સુનિશ્ચિત કર્યું કે વાંસ પર આદિવાસી સમુદાયોનો સંપૂર્ણ અધિકાર હોય.

બહેરીનમાં આવેલા અમેરિકી મથક પર હુમલો કર્યાનો ઈરાનનો દાવો

બહેરીને અનેક ઈરાની હવાઈ હુમલાઓને અટકાવ્યા અને નષ્ટ કર્યા

તેહરાન,

રવિવારે બહેરીને અનેક ઈરાની હવાઈ હુમલાઓને અટકાવ્યા અને નષ્ટ કર્યા, એમ તેણે જણાવ્યું હતું, જ્યારે તેહરાને કહ્યું હતું કે તેણે ઈરાન પર યુએસ-ઇઝરાયલ યુદ્ધને સમાપ્ત કરવાના કરાર અંગે અનિશ્ચિતતા વચ્ચે ગલ્ફ રાજ્યમાં યુએસ લશ્કરી મથક પર હુમલો કર્યો છે.

સપ્ટેમ્બર પછી બહેરીની હવાઈ સંરક્ષણ દ્વારા પહેલી વાર આવા અવરોધો સંભવિત જોખમોની બે ચેતવણીઓ પછી થયા હતા, જેમાં રહેવાસીઓને આશ્રય લેવાની વિનંતી કરવામાં આવી હતી.

ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે જણાવ્યું હતું કે તેણે "અમેરિકાના પ્રતિકૂળ પગલાં" ના બદલામાં બહેરીનમાં યુએસ લશ્કરી મથક પર હુમલો કર્યો હતો.

બહેરીની સૈન્યએ જણાવ્યું હતું કે તેના હવાઈ સંરક્ષણ દળોએ તેમના લક્ષ્યો સુધી પહોંચતા પહેલા ઘણા ઈરાની હવાઈ હુમલાઓને અટકાવ્યા હતા, અને તેહરાન પર રાજ્ય પ્રત્યે "વ્યવસ્થિત પ્રતિકૂળ વલણ" ચાલુ રાખવાનો આરોપ મૂક્યો હતો.

ઈરાની રાજ્ય સંચાલિત પ્રેસ ટીવીના અહેવાલ મુજબ, રિવોલ્યુશનરી ગાર્ડ્સે જણાવ્યું હતું કે તેઓએ બહેરીનમાં અલ-રિફા હેલિકોપ્ટર બેઝ પર યુએસ એર ડિફેન્સ રડારને નિશાન બનાવતા છ ડ્રોન છોડ્યા હતા. યુએસ અથવા બહેરીની અધિકારીઓ તરફથી તાત્કાલિક કોઈ પુષ્ટિ મળી નથી.

યુએસ નેવીના પાંચમા ફ્લીટનું ઘર બહેરીને નાગરિકો અને રહેવાસીઓને શાંત રહેવા અને નજીકના સલામત સ્થળે જવા વિનંતી કરી હતી, એમ ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું. બે દિવસ પહેલા રિવોલ્યુશનરી ગાર્ડ્સે કહ્યું હતું કે તેમણે બહેરીનમાં અમેરિકાના પૂર્વ-ચેતવણી રડાર સુવિધા પર હુમલો કર્યો હતો. યુએસ સૈન્યએ આ વાતનો ઇનકાર કર્યો હતો, અને કહ્યું હતું કે તેણે કોઈ નુકસાન વિના બે ઈરાની ડ્રોનને અટકાવ્યા છે.

વિદેશમાં ભારતને બદનામ કરીને તમને સત્તા નહીં મળે : રાહુલને અમિત શાહની સલાહ

નવી દિલ્હી,

રાહુલ ગાંધીની વારંવારની વિદેશ યાત્રાઓ પર નિશાન સાધતા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિરોધ પક્ષના નેતાને સલાહ આપી કે, આંતરરાષ્ટ્રીય મંચો પર દેશને બદનામ કરીને કોંગ્રેસ ક્યારેય ભારતમાં સત્તા મેળવી શકશે નહીં.

શ્રી અમિત શાહે કહ્યું કે, ગાંધીજી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સતત બદનામ કરતા રહે છે, જેમનું નેતૃત્વ સમગ્ર વિશ્વમાં વખાણાઈ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતાએ કહ્યું કે, આનાથી તેમને ક્યારેય કોઈ ફાયદો થશે નહીં; સાથે જ તેમણે એમ પણ ઉમેર્યું કે, કોંગ્રેસના આ સાંસદ તેમની સલાહ ક્યારેય સાંભળશે નહીં. મહારાષ્ટ્રના પુણેમાં એક કાર્યક્રમ દરમિયાન શ્રી અમિત શાહે કહ્યું, "જો તમારે સત્તા જોઈતી હોય, તો તમારી વિદેશ યાત્રાઓ બંધ કરો અને ભારતના ગામડાઓની મુલાકાત લેવાનું શરૂ કરો; તો કદાચ કોઈ દિવસ તમારો વારો આવી શકે." તેમણે વધુમાં કહ્યું, "તમે તો ચોક્કસ મારી વાત નહીં સાંભળો, તેથી હું કોંગ્રેસના કાર્યકરોને કહેવા માંગુ છું કે જો તમે તેમની પાછળ આ જ દિશામાં ચાલતા રહેશો, તો આગામી ૩૦ વર્ષ સુધી તમારો વારો નહીં આવે."

હૈદરાબાદમાં આયોજિત 'ભારત સમિટ ૨૦૨૬' નો ઉલ્લેખ કરતા, જ્યાં એક ઈટાલિયન રાજકારણીએ 'મત ચોરી'ના આરોપ સાથે વડાપ્રધાન મોદી પર નિશાન સાધ્યું હતું, કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે કોંગ્રેસ સતત ત્રણ લોકસભા ચૂંટણીમાં મળેલી હારની હતાશા ઠાલવી રહી છે.

SIR હેઠળ નામ હટાવ્યા બાદ ફોર્મ-૬ દ્વારા ફરી અરજી કરનારા પાત્ર મતદારો સામે કોઈ કાર્યવાહી નહીં થાય



ચૂંટણી પંચનું સુપ્રીમ કોર્ટમાં નિવેદન, મુખ્ય ચૂંટણી અધિકારીઓને સ્પષ્ટતાનો વ્યાપક પ્રચાર કરવા સૂચના આપવામાં આવી

નવી દિલ્હી,

ચૂંટણી પંચે (EC) સુપ્રીમ કોર્ટમાં નિવેદન આપ્યું હતું કે, જે મતદારોના નામ અગાઉ નોંધાયેલા હોવા છતાં મતદાર યાદીના ડ્રાફ્ટ (કાચા મુસદ્દા) માંથી ગાયબ છે, તેઓ કાયદાકીય કાર્યવાહીના ડર વિના 'ફોર્મ ૬' ભરીને ફરીથી અરજી કરી શકે છે.

અદાલતમાં દાખલ કરાયેલા સોગંદનામામાં, ચૂંટણી પંચે જણાવ્યું છે કે મુખ્ય ચૂંટણી અધિકારીઓને (CEOs) આ સ્પષ્ટતાનો વ્યાપક પ્રચાર કરવા સૂચના આપવામાં આવી છે. આ પ્રચાર સ્થાનિક ભાષાઓમાં પણ કરવામાં આવશે, જેથી મતદારોને આ જોગવાઈ વિશે જાણકારી મળી રહે. 'ફોર્મ ૬ ભરવા બદલ કોઈની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે નહીં' સોગંદનામામાં જણાવાયું છે કે, "ચૂંટણી પંચના ધ્યાનમાં આવ્યું હતું કે કેટલાક લોકોમાં એવી આશંકા હતી કે, જે મતદારો અગાઉની મતદાર યાદીમાં નોંધાયેલા હતા પરંતુ હાલની મતદાર યાદીના ડ્રાફ્ટમાં તેમના નામ નથી, તેઓ જો 'ફોર્મ ૬' ભરે તો તેમની સામે 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦'ની કલમ ૩૧ હેઠળ કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે - કારણ કે તેઓ અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હતા." "આવી ગેરસમજો કે આશંકાઓને દૂર કરવા માટે, ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે માત્ર એ કારણસર કે અરજદાર/મતદાર અગાઉની મતદાર યાદીમાં નોંધાયેલા હતા અને હાલના ડ્રાફ્ટમાં તેમનું નામ નથી, તો પણ 'ફોર્મ ૬' ભરવા બદલ તેમની સામે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે નહીં.

આર્મી સ્ટાફના વડા જનરલ ધીરજ શેઠ ચેક રિપબ્લિકની સત્તાવાર મુલાકાતે

નવી દિલ્હી,

આર્મી સ્ટાફના વડા (COAS) જનરલ ધીરજ શેઠ ૧૬ થી ૧૯ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન ચેક રિપબ્લિકની સત્તાવાર મુલાકાતે રવાના થયા છે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને મજબૂત કરવાનો, સૈન્ય-થી-સૈન્ય જોડાણ વધારવાનો અને સંરક્ષણ ટેકનોલોજી તથા ઉદ્યોગમાં સહયોગની તકો શોધવાનો છે.

આ મુલાકાત દરમિયાન, આર્મી સ્ટાફના વડા (COAS) પ્રાગ સ્થિત જનરલ સ્ટાફ હેડક્વાર્ટર (GSHQ) ખાતે જનરલ સ્ટાફના પ્રથમ નાયબ વડા અને સંરક્ષણ નાયબ વડા લેફ્ટનન્ટ જનરલ પેટ્ર સેપેલ્કા સહિત ચેક સશસ્ત્ર દળોના વરિષ્ઠ સૈન્ય નેતાઓ સાથે ચર્ચા કરશે. આર્મી સ્ટાફના વડા (COAS) GSHQ ખાતે પુષ્પાંજલિ અર્પણ સમારોહ દરમિયાન શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. તેઓ સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે સૌજન્ય મુલાકાત કરશે. આ જોડાણો સૈન્ય સહયોગ, તાલીમ, આધુનિકીકરણ અને ઉભરતા સુરક્ષા પડકારો સહિત પરસ્પર હિતની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

કાર્યક્રમના ભાગરૂપે, જનરલ ધીરજ શેઠ ચેક સશસ્ત્ર દળોની વિશેષ તાલીમ, ઓપરેશનલ ક્ષમતાઓ અને ભવિષ્યની સજ્જતા વિશે ઊંડી સમજ મેળવવા માટે બ્રનો સ્થિત ડિફેન્સ યુનિવર્સિટી અને નાટો જોઈન્ટ કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ એન્ડ ન્યુક્લિયર ડિફેન્સ સેન્ટર ઓફ એક્સેલન્સની મુલાકાત લેશે.

આર્મી સ્ટાફના વડા (COAS) સંરક્ષણ ટેકનોલોજી અને ઉદ્યોગમાં સહયોગની તકો શોધવા માટે ઇન્ટર-ગવર્નમેન્ટલ ડિફેન્સ કોઓપરેશન એજન્સી (AMOS), ડિફેન્સ એન્ડ સિક્યુરિટી ઇન્ડસ્ટ્રી એસોસિએશન અને અગ્રણી સંરક્ષણ ઉત્પાદકોના પ્રતિનિધિઓ સાથે સંવાદ કરશે.

ચીનના ઈલેક્ટ્રિક વિમાન CE-25A એ ફ્લૂ સાથેની પ્રથમ ઉડાન સફળતાપૂર્વક પૂર્ણ કરી



બીજિંગ,

ચીનની સરકારી માલિકીની વિમાન ઉત્પાદક કંપની કોમર્શિયલ એરક્રાફ્ટ કોર્પોરેશન ઓફ ચાઇના (COMAC) એ શેનડોંગ પ્રાંતના બિન્ઝહોઉમાં ઝઈ-૨૫છ ઈલેક્ટ્રિક વિમાનની પ્રથમ ફ્લૂ ફ્લાઇટ સફળતાપૂર્વક હાથ ધરી છે, એમ રાજ્ય પ્રસારણકર્તા CCTV એ શનિવારે અહેવાલ આપ્યો હતો.

ઝઈ-૨૫છ એ ચીન દ્વારા સ્વતંત્ર રીતે વિકસિત ૧૦-ટન-ક્લાસ ઈલેક્ટ્રિક વાણિજ્યિક વિમાન છે.

તેણે તેના ફ્લાઇટ-ટેસ્ટિંગ પ્રોગ્રામનો બીજો મહત્વપૂર્ણ તબક્કો પૂર્ણ કર્યો છે, જેમાં બે પાઇલટ અને એક ફ્લાઇટ ટેસ્ટ એન્જિનિયર સવાર હતા. વિમાને સમગ્ર ફ્લાઇટ દરમિયાન અપેક્ષા મુજબ પ્રદર્શન કર્યું, જ્યારે બધી ઓનબોર્ડ સિસ્ટમ્સ અને સૂચકાંકો સામાન્ય ઓપરેટિંગ પરિમાણોમાં રહ્યા. આ સિદ્ધિ ૨ ફેબ્રુઆરીના રોજ તેની પ્રથમ માનવરહિત બુદ્ધિશાળી ઉડાન પછી આવી છે, જે મીડિયા સ્રોતો દ્વારા અહેવાલ મુજબ વિમાનના વિકાસમાં વધુ એક પગલું રજૂ કરે છે.

પ્રાદેશિક અને ઇન્ટરસિટી કનેક્ટિવિટી માટે COMAC ના પ્રથમ ઈલેક્ટ્રિક વાણિજ્યિક વિમાન તરીકે વિકસાવવામાં આવેલ, CE-25A ૧૯ મુસાફરોને સમાવવા માટે રચાયેલ છે.

મહારાષ્ટ્ર સરકારે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ પરનો 7% VAT 14 એપ્રિલ સુધી લંબાવ્યો

મુંબઈ,

મહારાષ્ટ્ર સરકારે મે મહિનામાં જાહેર કરેલા એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF - વિમાન માટેનું બળતણ) પરના ૭% ના રાહતીય વેટ (VAT) દરને વધુ પાંચ મહિના માટે લંબાવીને ૧૪ એપ્રિલ, ૨૦૨૭ સુધી કરી દીધો છે. આ નિર્ણયથી એરલાઇન્સ કંપનીઓને આ ઘટાડેલા દરે કર ચૂકવવાનું ચાલુ રાખવાની મંજૂરી મળી છે.

૧૨ નવેમ્બરના રોજ બહાર પાડવામાં આવેલા એક જાહેરનામા દ્વારા, રાજ્યના નાણા વિભાગે વર્તમાન કર રાહતને લંબાવી છે, જેની મુદત ૧૪ નવેમ્બરે પૂરી થવાની હતી. આ વર્ષની શરૂઆતમાં જ્યારે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના ભાવ વધ્યા હતા અને પશ્ચિમ એશિયામાં સંઘર્ષને કારણે એરલાઇન્સની કામગીરી ખોરવાઈ હતી, જેનાથી તેમનો સંચાલન ખર્ચ (ope®aing cost) વધી ગયો હતો, ત્યારે આ કર ઘટાડો લાગુ કરવામાં આવ્યો હતો.

જાહેરનામામાં જણાવાયું છે કે, "મહારાષ્ટ્ર વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૫નો મહારાષ્ટ્ર અધિનિયમ ક્રમાંક ૯) ની કલમ ૯ ની પેટા-કલમ (૧) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, મહારાષ્ટ્ર સરકારે નાણા વિભાગના જાહેરનામા ક્રમાંક MVAT. 2026/C.R. ૨૮/ટિક્સેશન-૧, તારીખ ૧૪ મે ૨૦૨૬ દ્વારા, ઉક્ત અધિનિયમ સાથે જોડાયેલ 'અનુસૂચિ B' (SCHEDULE 'B') માં સુધારો કર્યો છે.

ઉત્તર કોરિયાએ ૭૮ વર્ષમાં પ્રથમ વખત પોતાના રાષ્ટ્રધ્વજમાં ફેરફાર કર્યા

ધ્વજ મૂળ ઉત્તર કોરિયાના સ્થાપક કિમ ઈલ સુંગના શાસનકાળમાં બીજા વિશ્વયુદ્ધ પછી સોવિયેત પ્રભાવ હેઠળ રજૂ કરવામાં આવ્યો હતો

ઉત્તર કોરિયા

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને ૧૯૪૮માં દેશની સ્થાપના પછી પહેલી વાર તેમના દાદા કિમ ઈલ સુંગના શાસનકાળમાં રજૂ કરાયેલા રાષ્ટ્રધ્વજના પ્રમાણમાં ફેરફાર કર્યો છે.

ઉત્તર કોરિયાના સુધારેલા બંધારણના અનુચ્છેદ ૧૬૬ અનુસાર, રાષ્ટ્રધ્વજની ઊંચાઈ-પહોળાઈનો ગુણોત્તર ૧:૨ થી ૧:૧.૬૫ કરવામાં આવ્યો છે, એમ ધ સ્ટ્રેટ ટાઇમ્સે શુક્રવારે રાજ્ય સંચાલિત વેબસાઇટ નેનારાને ટાંકીને અહેવાલ આપ્યો હતો. આ ફેરફાર ધ્વજને તેની પરિચિત ડિઝાઇન જાળવી રાખીને ટૂંકો બનાવે છે.

૭૮ વર્ષમાં ધ્વજના સત્તાવાર પ્રમાણમાં આ સુધારો પ્રથમ ફેરફાર છે. ધ્વજ મૂળ તેમના દાદા, ઉત્તર કોરિયાના સ્થાપક કિમ ઈલ સુંગના શાસનકાળમાં બીજા વિશ્વયુદ્ધ પછી સોવિયેત પ્રભાવ હેઠળ રજૂ કરવામાં આવ્યો હતો.

તેનું મધ્ય લાલ ક્ષેત્ર, સફેદ અને વાદળી પટ્ટાઓ અને લાલ પાંચ-પોઇન્ટેડ સ્ટાર યથાવત છે. જોકે, ટૂંકી ડિઝાઇન લાલ તારાને ધ્વજના કેન્દ્રની નજીક લાવે છે.

ઉત્તર કોરિયાના રાષ્ટ્રીય ધ્વજનો ઇતિહાસ

ઉત્તર કોરિયાએ સપ્ટેમ્બર ૧૯૪૮ માં તેનો વર્તમાન રાષ્ટ્રીય ધ્વજ અપનાવ્યો, તે વર્ષે ૯ સપ્ટેમ્બરના રોજ ડેમોક્રેટિક પીપલ્સ રિપબ્લિક ઓફ કોરિયાની ઔપચારિક સ્થાપનાના થોડા સમય પહેલા.

બીજા વિશ્વયુદ્ધ પછીના સમયગાળા દરમિયાન આ ડિઝાઇન ઉભરી આવી હતી, જ્યારે કોરિયન દ્વીપકલ્પ સોવિયેત અને અમેરિકન કબજાના ક્ષેત્રમાં વિભાજિત થયો હતો.

તેલંગણામાં કોંગ્રેસના કાર્યક્રમમાં ઈટાલિયન રાજકારણીના નારાથી ભાજપ નારાજ

ભાજપે રાહુલ ગાંધી પર "વિદેશી તાકાતોના હાથોમાં કઠપૂતળી" બનવાનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી,

કોંગ્રેસના નેતૃત્વવાળી તેલંગાણા સરકાર દ્વારા આયોજિત બે દિવસીય 'ભારત સમિટ' (જેની શરૂઆત શનિવારે થઈ હતી) ત્યારે વિવાદમાં આવી ગઈ, જ્યારે એક ઈટાલિયન રાજકારણીએ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. તેમણે 'મત ચોરી'ના આરોપોને ફરી દોહરાવ્યા અને દાવો કર્યો કે ભારતમાં લોકશાહી જોખમમાં છે.

'પાર્ટી ઓફ યુરોપિયન સોશિયાલિસ્ટ્સ' (PES)ના સેક્રેટરી જનરલ જિયાકોમો ફિલિબેકે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ અને પક્ષના અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરીમાં તેમણે સભાને સંબોધિત કરી. આ દરમિયાન તેમણે 'વોટ ચોર, ગદ્દી છોડ' જેવા સૂત્રોચ્ચાર કર્યા, જેનાથી ત્યાં હાજર સૌ કોઈ ચોંકી ગયા.

તેમણે કોંગ્રેસના વખાણ કરતા કહ્યું કે, આ જૂનો અને મોટો પક્ષ ભારતમાં લોકશાહીના પાયાને બચાવવા માટે લડી રહ્યો છે - જે પાયો તેમણે વર્ષો પહેલાં રચ્યો હતો. તેમણે ઉમેર્યું કે તેમને દરેક જગ્યાએ લોકોનું સમર્થન મળી રહ્યું છે.

ત્યારબાદ, ફિલિબેકે સમાચાર એજન્સી ANIને જણાવ્યું કે, ભારતમાં લોકશાહી સામેના પડકારો તરફ વૈશ્વિક ધ્યાન દોરવા માટે આંતરરાષ્ટ્રીય મેળાવડા અને પરિષદો મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું, "ભારતમાં લોકશાહી પર હુમલો થઈ રહ્યો છે અને આપણે તેનું રક્ષણ કરવાની જરૂર છે. અને તેનું રક્ષણ કરવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે રાહુલ ગાંધી અને ભારતીય કોંગ્રેસ પક્ષની પડખે ઊભા રહેવું. ભારતીય કોંગ્રેસ પક્ષ અને વિશ્વભરના અન્ય ઘણા પક્ષો સાથે મળીને, અમે એક પ્રગતિશીલ ગઠબંધન અને રાજકીય ચળવળનો ભાગ છીએ, જે સામાજિક ન્યાય, આબોહવા ન્યાય, માનવ અધિકારો અને સાચી લોકશાહી જેવા મૂલ્યોમાં માને છે."

ફિલિબેકની આ પ્રતિક્રિયાને લઈને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. ભાજપે રાહુલ ગાંધી પર "વિદેશી તાકાતોના હાથોમાં કઠપૂતળી" બનવાનો આરોપ લગાવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ આક્ષેપ કર્યો કે રાહુલ ગાંધી ભારતમાં અસ્થિરતા ઈચ્છે છે અને જ્યોર્જ સોરોસના નિર્દેશો પર કામ કરી રહ્યા છે.

વધુમાં, ભંડારીએ આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી ભારતની લોકશાહીની વિરુદ્ધ કામ કરી રહ્યા છે અને દેશના આંતરિક મામલાઓમાં વિદેશી હસ્તક્ષેપ ઈચ્છે છે.

ભંડારીએ 'X' (ટ્વિટર) પર લખ્યું, "રાહુલ ગાંધી વિદેશી મદદથી સત્તા પરિવર્તન (Regime Change) ઈચ્છે છે! રાહુલ ગાંધી હવે માત્ર વિરોધ પક્ષના નેતા (LoP) નથી રહ્યા; તેઓ વિદેશી તાકાતોની કઠપૂતળી બનીને વર્તી રહ્યા છે, જેઓ ભારતમાં અસ્થિરતા ઈચ્છે છે! કોંગ્રેસ ભારત-વિરોધી છે!"

સંસદનું શિયાળુ સત્ર ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં યોજાવાની શક્યતા

સત્ર દરમિયાન સરકારનું મુખ્ય ધ્યાન પ્રસ્તાવિત સીમાંકન ખરડાને પસાર કરવા પર રહેશે



નવી દિલ્હી,

સંસદનું શિયાળુ સત્ર ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં શરૂ થવાની સંભાવના છે. આ સત્ર દરમિયાન સરકારનું મુખ્ય ધ્યાન પ્રસ્તાવિત 'સીમાંકન ખરડા' (delimitation bill) ને પસાર કરવા પર રહેશે, જે મહિલા અનામત સાથે જોડાયેલો છે.

મીડિયા અહેવાલો અનુસાર, શિયાળુ સત્ર માટે કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા બંધારણીય સુધારા ખરડાને પસાર કરાવવાની છે. આ ખરડા હેઠળ, સીમાંકન બાદ લોકસભાની સભ્ય સંખ્યા વર્તમાન ૫૪૩ થી વધારીને ૮૫૦ કરવામાં આવશે. આનાથી ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાનો માર્ગ મોકળો થશે.

સંસદમાં સંખ્યાબળનું ગણિત

બંધારણીય સુધારા ખરડાને પસાર કરવા માટે લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતીની જરૂર પડશે. એટલે કે, તેને પસાર કરવા માટે ૩૬૧ મતોની આવશ્યકતા રહેશે. હાલમાં લોકસભામાં ૫૪૦ સભ્યો છે અને ત્રણ બેઠકો ખાલી છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નેતૃત્વ હેઠળના સત્તાધારી ગઠબંધન 'નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ' (NDA) પાસે ૩૨૦ સભ્યો છે. તેથી, આ ખરડાને પસાર કરવા માટે કદાચ અન્ય પક્ષોના સભ્યોના મત (cross-vOing) અથવા વિરોધ પક્ષોના સમર્થનની જરૂર પડી શકે છે.

જોકે, તાજેતરમાં NDA એવો દાવો કરી રહ્યું છે કે તેમની પાસે ખરડો પસાર કરવા માટે જરૂરી સંખ્યાબળ છે. સરકારના એક વરિષ્ઠ અધિકારીએ પીટીઆઈ (PTI) ને જણાવ્યું છે કે આ ખરડો ૧૫ થી ૧૮ મતોની બહુમતીથી પસાર થઈ જશે. શિયાળુ સત્રની તારીખો અંગે અટકળો દરમિયાન, સરકારે ચોમાસુ સત્રને સત્તાવાર રીતે સમાપ્ત (prorogue) કર્યા વિના ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે, જેના કારણે આગામી સત્રના સમય અને તેના આયોજન અંગે અટકળો તેજ બની છે.

જામનગરમાં નવા ફ્લાયઓવર બ્રિઝની નીચેના દબાણો પર તંત્રની તવાઈ

ઝૂંપડાં હટાવવાની કામગીરીમાં ૩પથી વધુ કર્મચારીઓ જોડાયા, પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે દબાણો દૂર કરાયા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં જાહેર માર્ગો અને પાર્કિંગના સ્થળોએ થયેલાં ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશના ભાગરૂપે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા આજે સુભાષ બ્રિજથી ગુરુદ્વારા ચોકડી અને સાત રસ્તા સુધીના ફ્લાયઓવરની નીચેના ભાગમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ફ્લાયઓવરની નીચેના પાર્કિંગ સહિતના વિવિધ સ્થળોએ ઝૂંપડાં બાંધીને વસવાટ કરતા પરિવારોનાં દબાણો દૂર કરવા માટે એસ્ટેટ શાખાની ટીમ ત્રાટકી હતી. આ કામગીરી દરમિયાન ૩પથી વધુ કર્મચારીઓનો સ્ટાફ ઉતારવામાં આવ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, જામનગરના ત્રણ દરવાજા જૂના રેલવે સ્ટેશન નજીક રેલવેની જગ્યામાં ઝૂંપડાં બાંધીને વસવાટ કરતા લોકોને અગાઉ રેલવે તંત્ર દ્વારા હટાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ આ જગ્યાએ દીવાલ બનાવવામાં આવી હતી. રેલવે વિસ્તારને કવર કરવામાં આવ્યા બાદ કેટલાક ઝૂંપડાવાસીઓએ સુભાષ બ્રિજથી સાત રસ્તા સુધીના ફ્લાયઓવરની નીચેના ભાગમાં આશ્રયસ્થાન બનાવી લીધાં હતાં. અહીં અંદાજે ૧૫થી વધુ પરિવારો વસવાટ કરતા હોવાનું જાણવા મળ્યું છે. જાહેર ઉપયોગની જગ્યાઓમાં થયેલાં આ દબાણોને કારણે સ્થાનિક સ્તરે ન્યૂસન્સ અને અવરજવરમાં અડચણ થતી હોવાની ફરિયાદો ઊઠી હતી.

અગાઉ આ જ સ્થળેથી ઝૂંપડાં હટાવવા માટે ગયેલી એસ્ટેટ શાખાની ટીમના ચાર કર્મચારીઓ ઉપર હુમલાની ઘટના બની હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને આ વખતે મહાનગરપાલિકા દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી હતી. એક પોલીસ સબ ઇન્સ્પેક્ટરની આગેવાનીમાં આશરે ૮ પોલીસ જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસ સુરક્ષા વચ્ચે એસ્ટેટ શાખાની ટીમે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી.

મોટા થાવરીયા પાસે બે એકટીવા અથડાતા માતાનું કરુણ મોત, પુત્રને ઈજા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર-કાલાવડ માર્ગ પર આવેલા મોટા થાવરીયા ગામ પાસે ગઈકાલે બે એકટીવા વચ્ચે અકસ્માત સર્જાતા પુત્રને લઈને એક્ટિવા ચલાવી જતા માતાનું કરૂણ મૃત્યુ નિપજયું છે જ્યારે બાળકને ઈજા પહોંચતા સારવાર હેઠળ હોય પરિવારમાં ગમગીની પ્રસરી ગઈ છે આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ફરિયાદ અંગેની આગળની કાર્યવાહી આરંભી હતી.

આ ગોઝારા અકસ્માતની મળતી માહિતી પ્રમાણે હરીપર ગામે રહેતા તૃમિબેન વસોયા તેમના ૬ વર્ષના પુત્રને સાથે લઈ એક્ટિવા ચલાવી જામનગર-કાલાવડ રોડ પર આવેલ મોટા થાવરિયા ગામ પાસેથી ગઈકાલે સાંજના સમયે પસાર થતા હતા દરમિયાન ત્યાં અન્ય એક એક્ટિવા ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી ટક્કર મારતા તૃમિબેનનુ માથાના ભાગમાં ગંભીર ઈજાના કારણે કરૂણ મૃત્યુ નિપજયું હતું જ્યારે તેમના પુત્રને પણ શરીરે નાની - મોટી ઈજા થતા તાત્કાલિક સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા જી. જી. હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. બીજીબાજુ આ બનાવની જાણ થતા મૃતકના પરિવારજનો , સગા - સંબંધીઓ ઘટનાસ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા જ્યાં વાતાવરણમાં ભારે કરૂણતા પ્રસરી ગયેલ આ બનાવ અંગે સ્થાનિક પોલીસ સ્ટાફે સ્થળપર દોડી જઈ ફરિયાદ અંગેની તજવીજ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે સમાહમાં આજ જગ્યા પાસે ઈકો કારનું ટાયર ફાટતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં એક યુવતી અને મહિલાનો ભોગ લેવાયો હતો ત્યારે વધુ એક જીવલેણ અકસ્માત સર્જાતાજામનગર - કાલાવડ માર્ગ રક્તરંજીત બન્યો છે.

ધ્રોલ નજીક કારની અડફેટે બાઈકસવાર દંપતી ફંગોળાતા બંને ઈજાગ્રસ્ત

જામનગર : જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ધ્રોલ નજીક અકસ્માતોની હારમાળા વચ્ચે વધુ એક ગંભીર અકસ્માત નોંધાયો હતો. ચામુંડા હોટેલ સામે પાછળથી પૂરઝડપે આવેલી કારે મોટરસાઇકલને અડફેટે લેતાં સવાર દંપતી રોડ પર ફંગોળાયું હતું. આ અકસ્માતમાં પતિને માથામાં હેમરેજ અને જડબામાં ઈજા થતાં હાલ તેમની સારવાર ચાલી રહી છે, જ્યારે પત્નીને પણ મોઢા અને હોઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બનાવની વિગત એવી છે કે રાજકોટના કોઠારિયા વિસ્તારમાં હરિદ્વાર ગેટ પાસે રહેતા અને મૂળ ધ્રોલના વતની લાલજીભાઈ ઉર્ફે રમેશભાઈ જીવાભાઈ વઘેરા (ઉ.વ. ૪૮) ગત તા. ૯ નવેમ્બરના રોજ પત્ની મંગળાબેન સાથે હીરો સ્પ્લેન્ડર મોટરસાઇકલ પર રાજકોટથી ધ્રોલ તરફ આવી રહ્યા હતા. દરમિયાન ધ્રોલ પહેલાં ચામુંડા હોટેલ સામે પહોંચતાં રાજકોટ તરફથી આવેલી ફોરવ્હીલ કારે પાછળથી મોટરસાઇકલને ટક્કર મારી હતી.

કારની ટક્કરથી દંપતી મોટરસાઇકલ સાથે રસ્તા પર પટકાતાં લાલજીભાઈને માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઉપરાંત શરીરે છોલછાલ થઈ હતી. પત્ની મંગળાબેનને હોઠ અને મોઢાના ભાગે ઈજા થવા સાથે હાથ-પગમાં પણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જર્યા બાદ કારચાલક રોકાવાને બદલે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

બંને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.આ મામલે ઈજાગ્રસ્ત લાલજીભાઈની ફરિયાદના આધારે ધ્રોલ પોલીસે કારના ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હરિપર-મેવાસા ગામે ફરી શંકાસ્પદ દુધનો જથ્થો ઝડપાયો

૪૮૬ લીટર શંકાસ્પદ દૂધ, ૭૫ કિલો વનસ્પતિ ઘી અને ૪૪ કિલો મિલ્ક પાવડરનો જથ્થો જપ્ત કર્યો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં ભેડસેડીયા તત્વો સુધરવાનું નામ લેતા ન હોય તેમ વધુ એક વખત ધીમા ઝેર સમાન શંકાસ્પદ દૂધનો જથ્થો પકડાતા લોકોને આંચકો લાગ્યો છે. એસઓજી પોલીસે હરિપર મેવાસા ગામમાંથી શંકાસ્પદ ભેળસેળયુક્ત દુધ બનાવતી ડેરી ઉપર રેઇડ કરી ૪૮૬ લિટર દુધ, વનસ્પતી ઘી અને દુધ બનાવવાનો પાવડરનો જથ્થો પકડી પાડ્યો હતો. નવાઈની વાત એ છે કે આરોપીના ઘરેથી ૮૩ દિવસ અગાઉ રેન્જની ટીમે ભેળસેળયુક્ત દૂધ પકડી પાડ્યા છતા પણ આરોપીએ બેખોફ બનીને ફરી ભેળસેળના ખેલ શરૂ કરતા બીજી વખત જથ્થો પકડાયો હતો.

રોજંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી ચીજ-વસ્તુઓની બનાવટમાં ભેળસેળ કરી લોક આરોગ્ય સાથે ખુલ્લે આમ ચેડા કરતા તત્વોને પાઠ ભણાવવા પોલીસે કાલાવડ તાલુકાના હરિપર મેવાસા ગામમાં રહેતા શંકાસ્પદ દુધના ધંધાર્થી મેરૂ બધાભાઇ વંશ (રહે.રબારીવાસ)ના ઘરે રેઇડ કરી રહેણાંક મકાને તલાસી લેતા શંકાસ્પદ ભેળસેળયુક્ત દુધ બનાવવાનું કારસ્તાન ઉઘાડું પાડ્યું હતું.

પોલીસે શંકાસ્પદ દુધ ભેગુ કરી ૪૮૬ લીટર દુધનો જથ્થો અને ૭૫ કીલો વનસ્પતી ઘી તથા દુધ બનાવવાનો પાવડર ૪૪ કીલો મળી કબજે કર્યો હતો. ફુડ સેફટી ઓફીસર (એફ.એસ.ઓ.) દ્વારા શંકાસ્પદ દુધના જરૂરી સેમ્પલો લીધા બાદ શંકાસ્પદ ભેળસેળયુક્ત દુધ તથા વેજીટેબલ ઘી તથા દુધ બનાવવાના પાવડરનો સરકારી રાહે ખુલ્લી જગ્યાએ નાશ કરાયો હતો. આ અગાઉ પણ રેન્જની ટીમે આરોપીના ઘરેથી બનાવટી દૂધ પકડી પાડ્યું હતું. મહત્વનું છે કે, કાલાવડ પંથકમાં વર્ષોથી દૂધનો જથ્થો અને ફેટ વધારવા માટે અમુક શખ્સો આ પ્રકારની પ્રવૃત્તિ કરી જન આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. ચોખ્ખા દૂધના જથ્થામાં વનસ્પતિ ઘી અને મિલ્ક પાવડર તથા પાણી ભેળવીને જથ્થો વધારી જનઆરોગ્ય સાથે ખુલ્લે આમ ચેડા કરતા તત્વોમાં તંત્રની કાર્યવાહીથી ભેળસેળ કરતા શખ્સોમાં ફફડાટ ફેલાયો છે.

જામનગરમાં અરજી પાછી ખેંચી લેવાનું કહી એબીવીપીના કાર્યકર પર ચાર શખ્સોનો હુમલો

જામનગર : જામનગરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)ના કાર્યક્રમ અને કેમ્પસ કારોબારીની ઘોષણામાં ખલેલ પહોંચાડવા અંગે અગાઉ કરવામાં આવેલી અરજીનો ખાર રાખીને એબીવીપીના પૂર્ણકાલીન વિસ્તારક ભાર્ગવભાઈ પર હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. આ બનાવમાં હાર્દિકસિંહ ચુડાસમા સહિત ચાર શખ્સો સામે મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.

જામનગરના મંગલબાગ શેરી નં. ૩માં રહેતા અને એલ.એલ.બી.નો અભ્યાસ કરતા તથા એબીવીપીના પ્રદેશ સહમંત્રી તરીકે જવાબદારી સંભાળતા ઋત્વિકભાઈ યોગેશભાઈ ભીલાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૫ની રાત્રે હાર્દિકસિંહ ચુડાસમાનો ફોન આવ્યો હતો અને અગાઉ તેમની વિરુદ્ધ અરજી કેમ કરી છે, તેમ કહી બધાને જોઈ લેવાની ધમકી આપી હતી. ત્યારબાદ તા. ૧૬ની રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં તેમના મિત્ર ઉત્સવભાઈનો ફોન આવ્યો હતો. ઉત્સવભાઈએ હાર્દિકસિંહ તેના મિત્રો સાથે રામેશ્વરનગરના વિનાયક પાર્ક ખાતે આવેલા ઘરે આવી રહ્યો હોવાનું જણાવતાં ઋત્વિકભાઈ તેમના મિત્રો ભાર્ગવભાઈ, અભીભાઈ અને રાજવીરભાઈ સાથે ત્યાં પહોંચ્યા હતા. તે વખતે સ્થળ પર આશરે ૧૫ જેટલા લોકો હાજર હતા, જેમાં હાર્દિકસિંહ ચુડાસમા, પાર્થ રાવલ, ભારત ગૌસ્વામી અને દિવ્યરાજસિંહ જાડેજાનો પણ સમાવેશ થતો હતો.

આ દરમિયાન હાર્દિકસિંહે અગાઉ કરેલી અરજી પાછી ખેંચી લેવા દબાણ કર્યું હતું. ત્યારબાદ ઉશ્કેરાઈને ભાર્ગવભાઈ સાથે ઝપાઝપી શરૂ કરી હતી અને તેમને માથામાં મુક્કો મારી ટી-શર્ટ ફાડી નાખ્યું હતું. એટલું જ નહીં, કાર્યાલયમાં એકલા રહેતા હોવાથી ગમે ત્યારે પતાવી દેવાની ધમકી પણ આપી હતી. આ સમયે પાર્થ રાવલ અને ભારત ગૌસ્વામીએ પણ ભાર્ગવભાઈને માર માર્યો હતો, જ્યારે અન્ય અજાણ્યા શખ્સે પાછળથી પકડી રાખ્યા હતા.

દરમિયાન પોલીસની ગાડી દોડી આવી આવતા હાર્દિકસિંહ, પાર્થ રાવલ અને ભારત ગૌસ્વામી સહિતના શખ્સો ત્યાંથી નાસી છૂટ્યા હતા. પોલીસે ફરિયાદના આધારે પોલીસે હાર્દિકસિંહ ચુડાસમા, પાર્થ રાવલ, ભારત ગૌસ્વામી અને દિવ્યરાજસિંહ જાડેજા સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માવાપર પાસે ઘર વખરીના સામાનની આડમાં દારૂ અને બીયરની હેરાફેરી કરતું વાહન ઝડપાયું

ઈંગ્લિશ દારૂની ૩૮૩ નાની - મોટી બાટલી અને બીયરના ૩૩૫ નંગ ટીન મળી આવ્યા, પોલીસને જોઈ વાહન રેઢું મૂકી ચાલક ફરાર : રૂ. ૬ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે

જામનગર : ધ્રોલ પંથકના માવાપર - લતીપર ગામના માર્ગ પર પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી ગૌશાળા પાસેથી ઘરવખરીનો સામાનની આડમાં ઈંગ્લિશ દારૂ અને બીયરની હેરાફેરી કરતા બોલેરો પીકપ વાહનમાંથી ૩૮૩ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીઓ તથા ૩૩૫ નંગ બીયરના ટીન ઝડપી પાડી રૂ. ૬ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો દરમિયાન પોલીસને જોઈ વાહન રેઢું મૂકી નાશી જનાર ચાલક અને માલીક સામે ધ્રોલ પોલીસ દફ્તરે ગુન્હો નોંધી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી પ્રમાણે ધ્રોલ તાલુકાના માવાપર ગામના પાટિયાથી લતીપર તરફ જતા માર્ગ પર ચોક્કસ બાતમીના આધારે એલસીબી પોલીસે વોચ ગોઠવી હતી દરમિયાન ત્યાંથી જી. જે. ૦૬. ઝેડ. ૯૭૯૯ નંબરનુ બોલેરો પીકપ વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી પસાર થતો હોય દરમિયાન પોલીસને જોઈ પીકપ વાહન ચાલક ત્યાં જ પોતાનું વાહન રેઢું મૂકી નાશી ગયો હતો બાદ તલાસી લેતા તેમાંથી ઈંગ્લિશ દારૂની રૂ. ૧.૮૯ લાખની કિંમતની ૩૮૩ નંગ બાટલી તેમજ રૂ. ૩૩૫૦૦ ની કિંમતના ૩૩૫ નંગ બીયરના ટીન મળી આવ્યા હતા આથી પોલીસે ઈંગ્લિશ દારૂ, બીયર ઉપરાંત રૂ. ૪ લાખની કિંમતનું વાહન સહિત કુલમળી રૂ. ૬.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને બોલેરો પીકપના ચાલક તથા માલીક સામે ગુન્હો નોંધી શોધખોળ હાથ ધરી છે.

વરવાળા ગામના પ્રૌઢે બિમારીથી કંટાળી ટ્રેન હેઠળ ઝંપલાવી કર્યો આપઘાત

દ્વારકા : દ્વારકા પંથકના વરવાળા ગામના એક પ્રૌઢે જુની બિમારીથી કંટાળી ટ્રેન હેઠળ ઝંપલાવી જિંદગી ટુકાવી લેતા અરેરાટી પ્રસરી ગઈ છે જે બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો સ્થળપર દોડી ગયો હતો અને મૃતદેહનો કબ્જો મેળવી પીએમ અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા તાલુકાના વરવાળા ગામમાં રહેતા કારૂભાઈ મોમૈયાભાઈ અશ્વાર નામના ૫૭ વર્ષના પ્રૌઢને છેલ્લા દશેક વર્ષથી બ્લડ પ્રેશરની તથા માઈગ્રેનની બિમારી હોઈ દરમિયાન ગત તા. ૧૪ ના રોજ તેઓએ જુની બિમારીથી કંટાળી દ્વારકા પાસે ઓખા તરફ જતી ટ્રેન હેઠળ પોતાનું શરીર પડતું મુકી આપઘાત કરી લેતા પરિવારમાં ભારે ગમગીની પ્રસરી ગઈ છે બીજીબાજુ આ બનાવની મૃતકના પુત્ર જયભાઈએ દ્વારકા પોલીસ દફ્તરે જાણ કરતા હે. કો. ડી. ડી. ઝાલા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી.

ટેભડા ગામે ત્રણ પવનચક્કીમાંથી કોપર કેબલ વાયરની તસ્કરી

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ટેભડા ગામની સીમમાં આવેલી વિન્ડ વર્લ્ડ ઇન્ડિયા લિમિટેડ કંપનીની ત્રણ પવનચક્કીમાંથી અજાણ્યા તસ્કરો દ્વારા અર્થિંગનો કોપર કેબલ ચોરી કરી ગયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ લાલપુર તાલુકાના ટેભડા ગામની સીમમાં ગત તા. ૫ ના પવનચક્કીના લોકેશન નંબર ૪૦૧, ૪૦૨ અને ૪૦૩ પર આવેલા ટ્રાન્સફોર્મરમાંથી પવનચક્કીના મશીનમાં જતો રૂ. ૧૮૦૦૦ની કિંમતનો આશરે ૩૦ મીટર લાંબો ૧૫૦ એમએમનો કોપર અર્થિંગ કેબલ કોઈ અજાણ્યો શખ્સ કાપીને ચોરી કરી ગયો હતો.

આ અંગે સાઈટ ઈન્ચાર્જ સિક્યુરિટી ગાર્ડ કરશનભાઈ નાથાભાઈ પાથરને તપાસ દરમિયાન વાયર ગાયબ હોવાનું ધ્યાન પર આવતા સાઈટ ઈન્ચાર્જને જાણ કરી હતી. કંપનીના અધિકારીઓ અને સિક્યુરિટી સ્ટાફ દ્વારા તપાસ કર્યા બાદ પણ વાયર મળી ન આવતાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જલારામ જયંતિએ જામનગરમાં લોહાણા જ્ઞાતિના નાત જમણ પૂર્વે સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિ ભોજન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : છોટીકાશી જામનગરમાં શ્રી જલારામ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા આજે સોમવારના રોજ સંત શિરોમણી શ્રી જલારામબાપાની ૨૨૭ મી જન્મજયંતિનો ઉત્સવ તેમજ સમસ્ત લોહાણા સમાજની ૨૮ મી નાત (સમૂહ ભોજન) યોજાઈ રહ્યું છે. ત્યારે લોહાણા સમાજના નાત જમણ પહેલા સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિ ભોજનનો પ્રારંભ થયો હતો. આ અવસરે અગ્રણીઓએ જલારામ બાપાની આરતી કરી હતી. જેમાં જામનગર લોહાણા જ્ઞાતિના પ્રમુખ ભરતભાઈ મોદી તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેકટર રાજેશકુમાર તન્ના સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત ગૌ-શાળામાં ઘાસ લાડુ વિતરણ તેમજ આરોગ્ય લક્ષી કેમ્પ સહિતના સત્કાર્ય કરાયા હતા. આ ઉપરાંત સાંજે હાપા સ્થિત જલારામ મંદિરે મહાઆરતીનું આયોજન કરવામાં અવ્યય છે.